પાક્કો ગુજરાત


RNI:- GUJGUJ/2016/67425


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 10-11-2026 I VOL : 12 I Issue : 236 I Page : 8 I Price : 1.00/-




Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
શરમ કરો! પ્રજાના લોહી-પરસેવાના ટેક્સ પર એશ કરતા 152 લાંચિયા...

4 
નોટબંધીના 10 વર્ષ, કાળું નાણું ડામવાના દાવાઓ અને આજે પણ...

6 
ગોવિંદાના અફેરની અફવાઓ વચ્ચે સુનીતાએ નવો ઘટસ્ફોટ કર્યો

7 
અનુજ શ્રીવાસ્ત્રી ભારતના 100મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા

એક નજર...

હુમા કુરેશીનો ઓફ-વ્હાઇટ આઉટફિટમાં રોયલ લુક



હુમા કુરેશી તેના વિવિધ લુકથી દર્શકોમાં ખૂબ જ ચર્ચા જગાવી રહી છે. હવે ફરી એકવાર તેનું નવું ફોટોશૂટ વાયરલ થઈ રહ્યું છે. આ તસવીરમાં હુમા કુરેશી ઓફ-વ્હાઈટ કલરના પર્લ-એમ્બ્રોઈડર્ડ ઓફ-શોલ્ડર કોર્સેટ અને કેપ શ્રગ સાથેના ડ્રેપ ગાઉનમાં અત્યંત રોયલ અને ગ્લેમરસ નજર આવી રહી છે.

NEWS TRACK

એનવીડિયા ચિપ કંપનીના CEOનું ચીની જાસૂસ સાથે અફેર: પત્નીની માફી માંગી

દુનિયાની મોટી ચિપ કંપની એનવિડિયાના CEO જેન્સન હુઆંગનું એક ચીની મહિલા સાથે અફેર હતું. અમેરિકન ગુપ્તચર એજન્સીઓને શંકા છે કે આ મહિલા ચીન માટે જાસૂસી કરી રહી હતી અને તેણે હુઆંગ સાથે નિકટતા વધારીને તેમની સાથે જોડાયેલી મહત્વપૂર્ણ માહિતી ચીન સુધી પહોંચાડી. મામલો સામે આવ્યા બાદ એનવિડિયાના બોર્ડે હુઆંગ વિરુદ્ધ તપાસ શરૂ કરી દીધી છે. ન્યૂયોર્ક ટાઇમ્સના અહેવાલ મુજબ હુઆંગે રવિવારે કંપનીના બોર્ડ સમક્ષ મહિલા સાથે અફેર હોવાની વાત સ્વીકારી હતી. તેમણે પત્ની અને બાળકોની માફી પણ માંગી હતી. જેન્સન હુઆંગે કહ્યું કે મેં મારી પત્ની સાથે દગો કર્યો. મારા આ પગલાથી તેમને અને બાળકોને દુઃખ પહોંચ્યું. મારી પાસે આ માટે કોઈ બહાનું નથી. મને તેનો અફસોસ છે. રુબિયોની દેખરેખ હેઠળ તૈયાર કરાયેલા અહેવાલમાં જાસૂસીના કાવતરાનો ઉલ્લેખ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની દેખરેખ હેઠળ આ વર્ષે એક ગુપ્ત અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.

પાકિસ્તાનની TV એન્કરની ગોળી મારીને હત્યા:આરોપી પતિ બોલ્યો- ભૂલથી ગોળી વાગી ગઇ

પાકિસ્તાનના રાવલપિંડીમાં રવિવારે TV એન્કર રાબિયા અહેસાનનું તેમના ઘરમાં ગોળી વાગવાથી મોત થયું હતું. તેને ગળાની નીચે ગોળી વાગી હતી. રાબિયાના પતિએ દાવો કર્યો હતો કે બંદૂકથી ભૂલથી ફાયરિંગ થઈ ગયું હતું. જોકે, રાબિયાના ભાઈની ફરિયાદ બાદ પોલીસે તેમના પતિને કસ્ટડીમાં લીધા છે. પોલીસે બંદૂક પણ કબજે કરી છે. રાવલપિંડીના સિટી પોલીસ અધિકારી હસન સુખેરાએ જણાવ્યું હતું કે ગોળી વાગતી વખતે રાબિયાની બંને દીકરીઓ ઘરના લૉનમાં તેમની નાની સાથે બેઠી હતી. પોલીસે ઘરમાં કામ કરતા એક કર્મચારીની પણ પૂછપરછ કરી છે. પોલીસે સદર બેરુની પોલીસ સ્ટેશનમાં હત્યાનો કેસ નોંધ્યો છે. પંજાબ ફોરેન્સિક સાયન્સ એજન્સીની ટીમ ઘરમાંથી પુરાવા ભેગા કરી રહી છે. રાબિયાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે મામલાની તપાસ ચાલી રહી છે. 41 વર્ષની રાબિયા ગુલશનાબાદ વિસ્તારમાં રહેતી હતી.

દિવાળીના તહેવારની ખુશી માતમમાં ફેરવાઇ

દેશભરમાં આગ અને ફટાકડાના અકસ્માતોમાં 23ના મોત

MPમાં 12 લોકોએ જીવ ગુમાવ્યા, ધારાશિવમાં એક જ પરિવારના 6 સભ્યોના મોત; મુંબઈના લોખંડવાલામાં એકનું મોત

નવી દિલ્હી

દિવાળીની રાત્રે દેશનાં અનેક શહેરોમાં ફટાકડાં અને અન્ય કારણોસર લાગેલી આગમાં 23 લોકોનાં મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે અને કેટલાક લોકો ગુમ છે. સૌથી વધુ મોત મધ્યપ્રદેશમાં થયા છે, જ્યાં બે અલગ-અલગ ઘરોમાં આગ લાગવાથી 12 લોકોનાં જીવ ગયા છે. તેમજ, મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લામાં કરિયાણાની દુકાનની ઉપર આવેલા મકાનમાં રહેતા એક જ પરિવારના 6 લોકોનાં મોત થયા. મુંબઈના લોખંડવાલામાં



આગ લાગવાની અન્ય એક ઘટનામાં પણ એક વ્યક્તિનું મોત થયું. મધ્યપ્રદેશના કટની જિલ્લામાં મકાનમાં આગ લાગવાથી એક જ પરિવારના 6 લોકોનાં મોત થયા છે. તેમાં 2 મહિનાનું બાળક પણ સામેલ છે. બીજી તરફ, સિવાની જિલ્લામાં સરાફા વેપારીના મકાનમાં આગ લાગવાથી 6 લોકોનાં મોત થયા છે. રાજસ્થાનના પાલીમાં ફટાકડાંની દુકાનમાં આગ લાગવાથી બે લોકોનાં મોત થયા અને ત્રણ લોકો ગુમ છે. આગની ઝપેટમાં ત્રણ દુકાનો અને અનેક ટુ-વ્હીલરો બળીને ખાખ થઈ ગયા. બીજી તરફ, દિલ્હીના નરેલામાં રોકેટ ફટાકડો પેટમાં વાગવાથી 10 વર્ષના બાળકનું મોત થયું. જમ્મુના નેહરુ માર્કેટમાં આગને કારણે 12થી વધુ દુકાનો સળગી ગઈ, જ્યારે ઉત્તર પ્રદેશના બાંદામાં ભંગારની દુકાનમાં આગ લાગવાથી આશરે 20-25 લાખ રૂપિયાનું નુકસાન થયું. નાગપુરમાં ટીવીએસ શોરૂમમાં આગ લાગવાથી અનેક ટુ-વ્હીલર સળગી ગયા. પુણેમાં આગની 63 ઘટનાઓ બની. તેમાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી.

ઉત્તરપ્રદેશમાં અકસ્માતોની વણઝાર: 11નાં મોત

બસ ખીણમાં ખાબકતાં 35 લોકો લોહીલુહાણ

લખનૌ

ઉત્તર પ્રદેશમાં એક પછી એક માર્ગ અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. લખનઉ-આગ્રા એક્સપ્રેસવે પર મુસાફરોથી ભરેલી એક બસ અચાનક બેકાબૂ થઈને ઊંડી ખાઈમાં પલટી ગઈ હતી. બસમાં બાળકો સહિત અનેક મુસાફરો સવાર હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે લગભગ 35 લોકો ઘાયલ થયા





હતી. મળતી માહિતી મુજબ, લખનઉમાં આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર આ અકસ્માત થયો હતો. મુસાફરોથી ભરેલી બસ એક્સપ્રેસવે પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન અચાનક બસ ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને બસ રસ્તા પરથી નીચે ઉતરીને ખાઈમાં પલટી ગઈ હતી. બસમાં બાળકો સહિત અનેક મુસાફરો સવાર હતા. બસ પલટી જતાં અંદર બેઠેલા મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ હતી. કેટલાક મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે લગભગ 35 લોકો ઘાયલ થયા છે. અકસ્માત બાદ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ત્યારબાદ પોલીસ અને બચાવ ટીમને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ટીમે બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી

મણિપુર હિંસાના પીડિતો સાથે રાહુલ ગાંધી કરશે મુલાકાત

ઈમ્ફાલ

હિંસાની ઘટનાઓ અને તેના કારણે મુશ્કેલીમાં મુકાયેલા પરિવારોનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી 26 નવેમ્બરે મણિપુરની મુલાકાતે જઈ શકે છે. આ દરમિયાન તેઓ હિંસાથી પ્રભાવિત લોકો સાથે મુલાકાત કરીને તેમની મુશ્કેલીઓ જાણશે. રાહુલ ગાંધીનો આ પ્રવાસ એક દિવસનો હોવાની શક્યતા છે. તેઓ ઈમ્ફાલ અને ચુરાચાંદપુર જેવા વિસ્તારોની મુલાકાત લઈ શકે છે. આ મુલાકાત દરમિયાન તેઓ પીડિત પરિવારો સાથે વાતચીત કરીને તેમની સ્થિતિ



વિશે માહિતી મેળવશે.

મણિપુરમાં હિંસાને કારણે અનેક પરિવારોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ઘણા લોકોએ પોતાનું ઘર, રોજગાર અને રોજિંદા જીવનની સુવિધાઓ ગુમાવી હતી. રાહત શિબિરોમાં રહેતા લોકોને પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. રાહુલ ગાંધીની આ મુલાકાત દરમિયાન તેઓ આવા પરિવારોને મળશે અને તેમની વાત સાંભળશે. રાહુલ ગાંધી અગાઉ પણ મણિપુરની મુલાકાત લઈ ચૂક્યા છે.

ઉત્તર પ્રદેશમાં દિવાળીની રાતે ભાજપ ધારાસભ્યના ભાઈની ગોળી મારી હત્યા

શેરા થાંગ

ઉત્તર પ્રદેશમાં દિવાળીની રાતે જ ભયાનક લોહિયાળ ઘટના સામે આવી છે. અહીં ચૂંટણીની અદાવતમાં જ ભાજપના ધારાસભ્ય અર્ચના પંડિના પારિવારિક ભાઈ અને એડવોકેટ અનુજ કુમાર ચતુર્વેદીની ગોળી મારી હત્યા કરી દેવાતા ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનાને કારણે રાજકારણ પણ ગરમાયુ અને દિવાળીની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ હતી. મુખ્ય આરોપી કોંગ્રેસ જિલ્લા મહાસિચવ અમૂલ દીક્ષિત હોવાનો દાવો કરાયો છે જે ઘટના બાદથી ફરાર છે. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ માટે પાંચ ટીમને તહેનાત કરી હતી. ઉલ્લખનીય છે કે દિવાળીની રાતે જ આ ખૂની ખેલ ખેલાયો હતો અને છિબરામઉ પોલીસ સ્ટેશનની હદમાં એડવોકેટ અનુજ કુમારને ગોળી મારી દેવામાં આવી હતી.

નિષ્ણાત સમિતિએ કરી હતી ભલામણ

કેન્સરની 137 દવાઓ સસ્તી થઈ:48 દિવસ પહેલાં સુપ્રીમે કહ્યું હતું- ₹2700ની દવા ₹27000માં મળવી નરસંહાર જેવું

નવી દિલ્હી

કેન્સરની 137 દવાઓ આજથી (9 નવેમ્બર) સસ્તી થઈ ગઈ છે. દવા કંપનીઓએ 121 દવાઓના 1,364 ફોર્મ્યુલેશનની નવી કિંમતો જાહેર કરી છે. તેમાં 679 બ્રાન્ડની દવાઓના ભાવમાં 50%થી વધુનો ઘટાડો કરવામાં આવ્યો છે. સૌથી વધુ 96.45%નો ઘટાડો કરવામાં આવ્યો છે. કિંમતો ઘટવાથી દર્દીઓને દર વર્ષે આશરે 3,540.38 કરોડ રૂપિયાની બચત થવાનો અંદાજ છે. 22 સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓની રિટેલર



કિંમત (PTR) અને મેક્સિમમ રિટેલ પ્રાઇઝ એટલે કે MRP વચ્ચેના માર્જિન પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું હતું- 2700ની દવા દર્દીને 27000માં મળવી એ લૂંટ અને નરસંહાર જેવી છે. સુપ્રીમ કોર્ટની નારાજગી બાદ 17 ઓક્ટોબરે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઓથોરિટી (NPPA)એ 137 બિન-અનુસૂચિત (નોન-શેડ્યૂલ્ડ) કેન્સરની દવાઓ પર કંપનીઓનો નફો 30% નક્કી કરી દીધો હતો. આ નિર્ણય બાદ દવાઓની કિંમતો ઘટી છે. નિષ્ણાત સમિતિએ કરી હતી ભલામણ કિંમતો ઘટાડવાની ભલામણ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસિસ (DGHS) હેઠળ રચાયેલી નિષ્ણાત સમિતિએ કરી હતી.

'દિવાળી એટલે ખુશીઓની ઈદ', ખડગેની દિવાળી શુભેચ્છા પર BJP ભડકી

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા દિવાળીના પાવન અવસરે આપવામાં આવેલા એક નિવેદનને લઈને દેશમાં મોટો રાજકીય વિવાદ વકર્યો છે. મીડિયા સાથેની વાતચીતમાં દિવાળીની શુભકામનાઓ પાઠવતા ખડગેએ કહ્યું હતું કે, 'આ એક ખૂબ મોટો તહેવાર છે, જેને હિન્દુસ્તાનમાં બધા લોકો મનાવે છે. તેનું એક જ કારણ છે કે આ ખુશીઓની ઈદ છ,.

અંક બંધ

નૂતનવર્ષ અને ભાઈબીજ તહેવાર નિમિત્તે પાક્કો ગુજરાત કાર્યાલયમાં તારીખ 10,11,12 રજા રહેશે. તા.14 નવેમ્બરથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે જેની વાચક મિત્રો, વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવી.

- તંત્રી

પોલીસ ધારે તો રાજ્યમાં એક ટીપું પણ દારૂ ન વેચાય:

અલ્પેશ ઠાકોરના બેબાક અને આક્રમક નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ભારે ભૂકંપ!

પાક્કો ગુજરાત ન્યૂઝ વિશેષ અહેવાલ

ગુજરાતમાં દારૂબંધીના કાયદા અને તેની અમલવારીને લઈને અવારનવાર વિવાદો થતા રહેતા હોય છે, પરંતુ શાસક પક્ષના જ ધારાસભ્ય અને અગ્રણી નેતા દ્વારા જ્યારે પોલીસ તંત્રની કાર્યશૈલી પર સવાલ ઉઠાવવામાં આવે, ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી જતો હોય છે. આવો જ એક ડમાડોન કરનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઓબીસી નેતા અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગુજરાતમાં દારૂબંધી અને મંત્રીપદને લઈને અત્યંત બેબાક, સચોટ અને આક્રમક નિવેદનો આપ્યા છે. તેમના આ ખુલ્લા નિવેદને માત્ર પોલીસ બેડામાં જ નહીં, પરંતુ રાજકીય કોરિડોરમાં પણ હડકંપ મચાવી દીધો છે.

'પોલીસ ધારે તો એક ટીપું દારૂ ન વેચાય!' - અલ્પેશ ઠાકોરનું ટાંચણ



ગુજરાતમાં કાગળ પર દારૂબંધીનો કડક કાયદો અમલમાં છે, તેમ છતાં બુટલેગરોના નેટવર્ક દ્વારા ગલી-ગલીમાં દારૂ પહોંચતો હોવાના આક્ષેપો અવારનવાર થતા હોય છે. આ બાબતે ખુદ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે અત્યંત બેબાક નિવેદન આપતા જણાવ્યું છે કે, 'જો પોલીસ ઈચ્છે અને કડકાઈ દાખવે, તો રાજ્યમાં એક ટીપું પણ દારૂ વેચાઈ ન શકે!'

તેમણે સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો છે કે જ્યાં સુધી પોલીસ અને સ્થાનિક સ્તરે વહીવટી તંત્રની મિલીભગત કે બેદરકારી હોય, ત્યાં સુધી ગેરકાયદેસર દારૂનું વેચાણ અટકવું મુશ્કેલ છે. પોલીસ તંત્રની કામગીરી સામે શાસક પક્ષના જ ધારાસભ્ય દ્વારા આ પ્રકારનું સીધું નિવેદન આપવામાં આવતા ખાખી વર્દીની કામગીરી અને દારૂબંધીના અમલીકરણ પર ગંભીર સવાલો ઊભા થયા છે.

મંત્રીપદ અને રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ પર ખુલાસો

આ નિવેદનની સાથેસાથે અલ્પેશ ઠાકોરે પોતાના મંત્રીપદ અને રાજકીય સફરને લઈને પણ ખુલીને વાત કરી છે. રાજકીય વર્તુળોમાં અવારનવાર ચાલતી અટકળો વચ્ચે તેમણે સ્પષ્ટ કર્યું છે કે જનહિતના મુદ્દાઓ અને સમાજના અવાજને બુલંદ રાખવા માટે તેમને કોઈ પદ કે હોદ્દાની લાલસા નથી. જમીની સ્તરે લોકોના પ્રશ્નો હલ કરવા અને તેમના હકો માટે લડવું એ જ તેમની પ્રાથમિકતા રહી છે.

રાજકારણમાં ઉઠેલા તરંગો

અલ્પેશ ઠાકોરના આ બેબાક અને ધારદાર નિવેદનને કારણે વિરોધ પક્ષોને પણ બેઠા બેઠા સરકાર અને પોલીસ તંત્રને ઘેરવાનો મોટો મુદ્દો મળી ગયો છે. વિપક્ષી નેતાઓ કહી રહ્યા છે કે જ્યારે શાસક પક્ષના જ ધારાસભ્ય સ્વીકારતા હોય કે પોલીસની મિલીભગત વગર દારૂ નથી વેચાતો, તો સરકારના દાવાઓ કેટલા સાચા છે તે સ્પષ્ટ થઈ જાય છે. આગામી સમયમાં આ નિવેદનને લઈને રાજ્યના રાજકારણમાં વધુ ગરમાવો આવે તેવી પૂરેપૂરી સંભાવના છે.

"નવા વર્ષની ખુબ ખુબ શુભકામનાઓ! આ વર્ષ તમારા જીવનમાં અનેરો આનંદ, આરોગ્ય અને સમૃદ્ધિ લાવે"



- ગ્રુપ એડિટર પવન માકન

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

નર્મદા નદીના કાંઠે વીજ મથકનું નિર્માણ વડોદરા જિલ્લાનું સૌપ્રથમ થર્મલ પાવર સ્ટેશન શિનોરમાં તૈયાર થશે

વડોદરા

વડોદરા જિલ્લામાં સૌપ્રથમ થર્મલ પાવર સ્ટેશન તૈયાર થવા પર સરકારે મંજૂરીની મહોર મારી દેતા હવે તે માટ ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી છે. શિનોર તાલુકામાં નર્મદા કાંઠાના ત્રણ ગામોની કઈ જમીન સંપાદન થશે તે અંગેના પ્રાથમિક જાહેરનામાની પ્રસિધ્ધિ સાથે જ થર્મલ પાવર સ્ટેશન બનવાના દ્વાર પણ હવે ખુલ્લા થઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કે શિનોર તાલુકામાં સુરાશામળ, મિંઢોળ અને માંજરોલની જમીન સંપાદન કરી તેના વ્યાજબી વળતર, પુનર્વસન અને પુનઃ સ્થાપન માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લી. દ્વારા નર્મદા કાંઠે ૮૦૦ મેગાવોટની ક્ષમતાના બે યુનીટ એટલેકે કુલ ૧૬૦૦ મેગાવોટ વિજળી ઉત્પન્ન થાય તે માટે કોલસા આધારિત વિદ્યુત મથકની સ્થાપના કરવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા ત્રણે ગામોના ક્યાં સર્વે નંબરોની જમીન સંપાદન કરવામાં આવશે તે અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. થર્મલ પાવર સ્ટેશન સ્થાપવા માટે શિનોર તાલુકાના સુરાશામળ ગામની ૧૭૦ હેક્ટરથી વધુ, મિંઢોળ ગામની ૧૭૩ હેક્ટરથી વધુ તેમજ માંજરોલ ગામની ૧૭૨ હેક્ટરથી વધુ મળી આશરે કુલ ૪૨૫ હેક્ટર જેટલી જમીનને સંપાદન કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યુ હતુ કે વર્ષ-૨૦૧૩ના કાયદા મુજબ જો કોઈ રાષ્ટ્રિય પ્રોજેક્ટ હોય તો તે જમીન વિસ્તારને સામાજીક અસર મુલ્યાંકન (એસઆઇએ)માંથી મુક્તિ આપવામાં આવે છે.

દિવાળીમાં ચોર ટોળકી સક્રિય ત્રણ મકાન અને ઓફિસમાંથી આઠ લાખની ચોરી થઇ

આજવારોડ

દિવાળીમાં ચોર ટોળકીએ શહેરને ઘમરોળવાનું શરૂ કર્યું છે. ઓલ્ડ પાદરા રોડ, આજવારોડ અને સમા વિસ્તારમાંથી ચોર ટોળકી આઠ લાખની મતા ચોરી ગઈ હતી. જે અંગે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઓલ્ડ પાદરા રોડ આઇઓસીનગરમાં રહેતા રસેશ ચંદ્રવદન ઉપાધ્યાય ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત છઠ્ઠી તારીખે રાત્રે નવ વાગ્યે તેઓ ઘરને લોક કરીને નોકરી ગયા હતા. બીજા દિવસે સવારે તેઓ ઘરે પરત આવ્યા ત્યારે ઘરના દરવાજાનું લોક તૂટેલી હાલતમાં હતું. ચોર ટોળકી ઘરમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડા ૧ લાખ મળી કુલ ૧.૮૯ લાખની મતા લઈ ગઈ હતી.

આજવારોડ ઇન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા શ્રીકાંતભાઇ સિદ્ધેશ્વર શુકલા નિવૃત્ત એરફોર્સ અધિકારી છે. ગત ૫ મી તારીખે ઘર બંધ કરીને તેઓ પત્ની સાથે ઉદયપુર ખાતે દીકરાના ઘરે ગયા હતા. તે દરમિયાન તેમના ઘરમાંથી ચોર ટોળકી ૧.૯૭ લાખના સોના ચાંદીના દાગીના ચોરી ગઈ હતી. સમા રેવા પાર્ક સોસાયટીમાં રહેતા મુકેશ રણછોડભાઇ ચૌહાણ ટાઈલ્સ ફિટિંગનું કામ કરે છે. ગત ૬ ઠ્ઠી તારીખે તેઓ મકાનને તાળું મારીને વતન સુરેન્દ્રનગર ગયા હતા. તે દરમિયાન તેમના મકાનમાંથી ચોર ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ ૧.૯૫ લાખની મતા લઇ ગયા હતા.

વેમાલી અંબે રેસિડેન્સીમાં રહેતા નુપમ સતીષભાઇ ધ્રુવ ખાનગી કંપનીમાં મેનેજર છે. તેઓની ઓફિસ સમા સાવલીરોડ શ્રી સિદ્ધેશ્વર હેવલોકમાં છે. તેમની ઓફિસમાંથી ચોર ટોળકી ૧.૯૩ લાખની ઈલેક્ટ્રિક વસ્તુઓ ચોરી ગયા હતા.

દુમાડ એક્સપ્રેસ-વે બ્રિજ પરથી બાઇક સવાર દંપતી નીચે પટકાતા પતિનું મોત!!

દુમાડ

શહેર નજીક દુમાડથી એક્સપ્રેસ-વે તરફ જવાના બ્રિજ પરથી બાઇક સવાર દંપતી બાઇક પરથી નીચે પટકાયું હતું. દિવાળીના દિવસે અકસ્માતમાં પતિનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયું હતું. જ્યારે પત્નીને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની અજીતકુમાર ડોંગરે અને તેમનાં પત્ની સંધ્યાબેન ડોંગરે સુરતમાં રહે છે અને ત્યાં પ્લાસ્ટિકની કંપનીમાં નોકરી કરે છે. સંધ્યાબેનના પિતા મૂળ મહારાષ્ટ્રના છે, પણ હાલમાં તેઓ જૂનાગઢના વંથલી ગામે રહે છે. દિવાળી હોઈ પિતાને મળવા માટે સંધ્યાબેન તેમના પતિ સાથે બાઇક પર સુરતથી જૂનાગઢ જવા નીકળ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન એવી વિગતો જાણવા મળી છે કે, દુમાડ ચોકડી પાસેથી નેશનલ હાઇવે પર જવાના બદલે અજીતકુમાર એક્સપ્રેસ-વે પરજવાના રસ્તા પર ચઢી ગયા હતા. તે રસ્તા પરના શાર્પ ટર્ન ધરાવતા બ્રિજ પર બાઇકનું સંતુલન નહીં રહેતા તેઓ નીચેના રસ્તે જવાને બદલે તેઓ ભૂલથી બ્રિજ પર ચડી ગયા હતા. સવારે બ્રિજ ચડતાંની સાથે જ આવેલા વળાંક પર ચાલકે બાઇક પરનો કાબૂ ગુમાવતાં દંપતી સીધું નીચે પટકાયું હતું.

સુરત: સિટી બસના બ્રેકડાઉનથી ડિંડોલી બ્રિજ પર વાહનોની લાંબી લાઇન

સુરત

દિવાળીના દિવસે ડિંડોલી બ્રિજ પર પાલિકા સંચાલિત સિટી બસના બ્રેકડાઉનથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સાંકડા બ્રિજ પર એક બસ બંધ પડતાં તેની બાજુમાંથી પસાર થવાનો પ્રયાસ કરતી બીજી બસ પણ ફસાઈ ગઈ હતી. બંને બસ ફસાતાં બાઈક પસાર થઈ શકે તેટલી જગ્યા પણ રહી નહોતી અને વાહનોની લાંબી કતારો લાગી હતી. ટ્રાફિકમાં ફસાયેલા મુસાફરો અને વાહનચાલકોએ ધક્કા મારી બસ હટાવવાનો પ્રયાસ કર્યો હતો. બ્રિજનો બીજો વિકલ્પ દૂર હોવાથી લોકો લાંબા સમય સુધી અટવાયા હતા. વારંવાર બંધ પડી જતી સિટી બસોના મેઈન્ટેનન્સ સામે પણ સવાલો ઊભા થયા છે. દિવાળીના તહેવારના દિવસે પણ ડિંડોલી બ્રિજ પર પાલિકા સંચાલિત સિટી બસના બ્રેકડાઉન થી વાહનચાલકોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. સાંકડા બ્રિજ પર એક સાથે બે સિટી બસ બંધ પડતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બંને બસ રસ્તા વચ્ચે ફસાઈ જતા બાઈક પસાર થઈ શકે તેટલી જગ્યા પણ બાકી રહી નહોતી અને બ્રિજની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. બનાવની વિગત એવી છે કે ડિંડોલી બ્રિજ પરથી પસાર થઈ રહેલી પાલિકા સંચાલિત સિટી બસ અચાનક બંધ પડી ગઈ હતી. બ્રિજ સાંકડો હોવાથી બંધ પડેલી બસ ની બાજુમાં થી પસાર થવાની જગ્યા મર્યાદિત હતી. દરમિયાન પાછળથી આવતી બીજી સિટી બસના ચાલકે આ સાંકડી જગ્યામાં થી બસ કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

આસ્થાના નામે કાળો કારોબાર કે ભયાનક ષડયંત્ર? મંદસૌરથી પાલિતાણા સુધી ધર્મ જગતમાં ભૂકંપ

સાગરચંદ્ર સાગર વિવાદથી ખુલી ગઈ કરોડોના ચઢાવાવાળા ટ્રસ્ટોની કાળી પોલ!



મંદસૌર/પાલિતાણા

ભગવાન મહાવીર સ્વામીએ જે જૈન ધર્મને અહિંસા, અપરિગ્રહ, સંયમ અને પરમ પવિત્રતાના શુદ્ધ માર્ગ પર સ્થાપિત કર્યો હતો, તે મહાન પરંપરાને લજવતો એક અત્યંત કાળઝાળ અને હચમચાવી નાખનાર વિવાદ આજે દેશભરમાં આગની જેમ ફેલાઈ ગયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કથિત વોટ્સએપ ચેટ્સ, ઓડિયો રેકોર્ડિંગ્સ અને તસવીરોએ સમગ્ર જૈન સમાજ અને ધર્મ જગતમાં ભૂકંપ મચાવી દીધો છે. મામલો હવે માત્ર વ્યક્તિગત ચારિત્ર્ય કે આક્ષેપ-પ્રતિઆક્ષેપ પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ સાધુ જીવનની પવિત્ર મર્યાદા, કરોડો રૂપિયાના ધાર્મિક ચઢાવા અને ટ્રસ્ટીઓની ભ્રષ્ટ કાર્યપ્રણાલી સામે જનતાનો આક્રોશ સાતમા આસમાને પહોંચી ગયો છે!

સાધુ જીવનની મર્યાદાઓ પર લાલબત્તી: વાયરલ ચેટ્સ અને ઓડિયોએ મચાવ્યો હાહાકાર

સાધુ જીવન એટલે કે ભૌતિક સુખ-સુવિધાઓ અને મોહ-માયાથી પર થઈને સાધના અને આત્માના કલ્યાણનો સર્વોચ્ચ માર્ગ. પરંતુ જ્યારે આ માર્ગ પર ચાલવાનો દાવો કરનારાઓ સામે જ ગંભીર અને શરમજનક આક્ષેપો ઉછળે, ત્યારે સમાજનું ધ્રૂજી ઉઠવું સ્વાભાવિક છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી સામગ્રીમાં કેટલીક મહિલાઓ અને સાધ્વીઓ સાથેના કથિત અશોભનીય સંબંધો અને આદાન-પ્રદાનને લઈને જે વાતો બહાર આવી છે, તેણે સૌકોઈને સ્તબ્ધ કરી દીધા છે.

આજે જૈન સમાજ અને જાગૃત નાગરિકોના મનમાં સવાલ એ છે કે શું આ વાયરલ સામગ્રીમાં કોઈ કડવી વાસ્તવિકતા છુપાયેલી છે કે પછી આ ડિજિટલ યુગમાં કોઈની પ્રતિષ્ઠા ખતમ કરવા માટેનું કોઈ ખતરનાક ષડયંત્ર રચવામાં આવ્યું છે? જો આરોપો ખોટા હોય તો સામે આવીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવું જ પડશે, અને જો વાતોમાં તથ્ય હોય તો પછી આટલી મોટી લાજ-શરમ નેવે મૂકનારાઓ સામે કાર્યવાહી કરવામાં કેમ ઢીલ રાખવામાં આવે છે?

ડિજિટલ ફોરેન્સિક તપાસ અનિવાર્ય: સત્ય કે સાજિશનો પર્દાફાશ થવો જ જોઈએ

આજકાલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મોર્ફિંગ ટેકનોલોજીના આજના આ યુગમાં ગમે તેવી બનાવટી ચેટ્સ કે ઓડિયો ક્લિપ્સ તૈયાર કરવી અસંભવ નથી. તેથી જ આ સમગ્ર મામલે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર ઉચ્ચ સ્તરીય અને સ્વતંત્ર ડિજિટલ ફોરેન્સિક એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થવી સર્વોપરી છે:

આ વાયરલ ચેટ્સ અને ઓડિયોનો અસલી સ્ત્રોત ક્યાંથી છે?

રેકોર્ડિંગ્સમાં સંભળાતા અવાજો કોના છે?

શું આ કોઈ ધાર્મિક અસંતુષ્ટ જૂથની કે શત્રુઓની કોઈ મોટી ચાલ છે?

સમાજ હવે માત્ર ગોળ-ગોળ સ્પષ્ટતાઓ કે માત્ર આશ્વાસનરૂપી નિવેદનો સાંભળવા બિલકુલ તૈયાર નથી; જનતા હવે નક્કર અને પારદર્શક પુરાવાઓ સાથે સીધો જવાબ માંગે છે!

કરોડોના ચઢાવા અને બેફામ ભ્રષ્ટાચાર: અઢળક નાણાંનો હિસાબ કોણ આપશે?

જૈન મંદિરો, તીર્થક્ષેત્રો અને વિશાળ ધાર્મિક સંસ્થાઓમાં ભોળા અને શ્રદ્ધાળુઓ પોતાની ગાડી કમાણીમાંથી કરોડો રૂપિયાનું દાન સમર્પિત કરે છે. પરંતુ આ અઢળક સંપત્તિ ખરેખર ધર્મ અને જીવદયાના કાર્યોમાં વપરાય છે કે પછી પદાધિકારીઓ અને ટ્રસ્ટીઓની અંગત તિજોરીઓ ભરવા માટે? આ સવાલે હવે ઉગ્ર રૂપ ધારણ કર્યું છે:

સ્વતંત્ર ઓડિટની માંગ: ધાર્મિક ટ્રસ્ટોની આવક અને જાવકનું કોઈ સરકારી કે સ્વતંત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એજન્સી દ્વારા કડક ઓડિટ કેમ નથી થતું?

બેંક ખાતાઓ અને સંપત્તિઓની તપાસ: મોટા પાયે થતા નાણાકીય વ્યવહારો અને મિલકતોની ખરીદી પાછળ ક્યા કાળા ભંડોળ વપરાય છે તેનો કોઈ હિસાબ છે ખરો?

પદાધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા: અભય ચોપરા જેવા મીડિયા સમન્વયકો અને અન્ય ટ્રસ્ટીઓની શંકાસ્પદ હિલચાલ સામે કેમ કોઈ તપાસ થતી નથી?

શ્રદ્ધાળુઓએ આપેલું દાન કોઈની બાપદાદાની જાગીર નથી, પણ કરોડો લોકોની આસ્થાની પવિત્ર અમાનત છે! આ અમાનતનો હિસાબ પાઈ-પાઈનો આપવો જ પડશે.

જૈન સમાજનો ભડકો: પ્રવચનોના સખત બહિષ્કારની ચીમકી!

મંદસૌરમાં સાગરચંદ્ર સાગરના આગામી પ્રવચનો અને ધાર્મિક આયોજનો સામે જૈન સમાજના અસંખ્ય જાગૃત વર્ગોએ ખુલ્લેઆમ મેદાને આવીને બહિષ્કાર કરવાની કડક ચીમકી ઉચ્ચારી દીધી છે. સમાજનું સ્પષ્ટ માનવું છે કે જ્યાં સુધી આ મામલે દૂધનું દૂધ અને પાણીનું પાણી ન થાય, ત્યાં સુધી આવા વિવાદાસ્પદ આયોજનો કરાવીને ધર્મની મર્યાદા સાથે ખેલ કરવાનો કોઈને અધિકાર નથી.

આ કોઈ સામાન્ય કે ક્ષુલ્લક વિવાદ નથી, પરંતુ સીધો ધર્મની પીઠ પર વાગતો પ્રહાર છે. જો વહીવટી તંત્ર, પોલીસ અને ધાર્મિક સંસ્થાઓ આ ગંભીર મામલે આંખ આડા કાન કરશે, તો આ રોષની આગ આખા ગુજરાત અને દેશમાં ફેલાતા જરાય વાર નહીં લાગે. હવે સમય આવી ગયો છે કે પદ, પ્રતિષ્ઠા અને મોઢા છુપાવવાની નીતિ છોડીને સત્યને નગ્ન વાસ્તવિકતા સાથે જનતા સમક્ષ મૂકવામાં આવે!

SMCનો ધડાકો: માધાપરમાં દારૂના મોટા નેટવર્ક પર સપાટો

રૂ. 32.63 લાખના વિદેશી દારૂ સાથે 74 લાખનો મુદ્દામાલ જપ્ત

માધાપર

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ એટલે કે SMC એ દિવાળીના તહેવાર ટાંકણે જ કચ્છ પંથકમાં બુટલેગરોની દિવાળી બગાડી નાખી છે. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ SMCની ટીમે ભુજ તાલુકાના માધાપર વિસ્તારમાં બાતમીના આધારે સપાટો બોલાવીને વિદેશી દારૂનો કોઈ મોટા મહાકાય ગોડાઉન જેવો જથ્થો ઝડપી પાડ્યો છે. દિવાળીના પર્વ પૂર્વે જ લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ પકડાતા પોલીસ બેડામાં અને બુટલેગરોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. માધાપર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નવાવાસ વિસ્તારમાં આવેલી પારશ્વનાથ સોસાયટીમાં આ રેડ કરવામાં આવી હતી. SMCના પીએસઆઈ કે.ડી. રવૈયા અને તેમની સોર્સિંગ ટીમે ચોક્કસ બાતમીના આધારે આ રેડને અંજામ આપ્યો હતો. જ્યારે પોલીસે આ જગ્યા પર દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી દારૂનો મોટો જથ્થો અને સાધનો મળી આવ્યા હતા જેને જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી.



આ દરોડા દરમિયાન પોલીસે અંદાજે 311 પેટી એટલે કે કુલ 8,343 નંગ ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની બોટલો કબજે કરી છે. આ જપ્ત કરાયેલા દારૂની બજાર કિંમત અંદાજે 32,63,012 રૂપિયા જેટલી થાય છે. દારૂ ઉપરાંત બુટલેગરો દ્વારા ઉપયોગમાં લેવાતા 7 જેટલા શંકાસ્પદ વાહનો, 9 નંગ મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ 74,13,688 રૂપિયાનો જંગી મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

ગોધરાના પોલન બજારમાં ગંદકીનું સામ્રાજ્ય, નગરપાલિકાની ઘોર બેદરકારી

રોગચાળો ફાટી નીકળવાની ભીતિથી વેપારીઓ અને સ્થાનિકોમાં ભયભીત આક્રોશ!

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાંથી વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને નગરપાલિકાની લાપરવાહીને ઉજાગર કરતી અત્યંત ગંભીર અને ચોંકાવનારી તસવીરો સામે આવી છે. શહેરના ધમધમતા અને વ્યસ્ત વેપારી વિસ્તાર ગણાતા પોલન બજારમાં હાલ ચારેય બાજુ ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. લાંબા સમયથી સફાઈ કામગીરી ન થવાને કારણે બજારમાં ઠેર-ઠેર કચરાના ઢગલા, ગંદા પાણીના ભરાવા અને ઉભરાતી ગટરોએ રોગચાળાનું જોખમ ઊભું કર્યું છે. તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ સામે સ્થાનિક રહેવાસીઓ



અને વેપારીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ગોધરાનું પોલન બજાર એ શહેરના મુખ્ય ખરીદી કેન્દ્રો પૈકીનું એક છે, જ્યાં દરરોજ હજારો ગ્રાહકો, વેપારીઓ અને નાગરિકોની અવરજવર રહે છે. પરંતુ નગરપાલિકાની ઉદાસીનતાના કારણે આ વિસ્તારની હાલત બદથી બદતર બની ગઈ છે: કચરાના તોતિંગ ઢગલા: બજારની ગલીઓમાં અને દુકાનોની આગળ કચરાના ગંજ ખડકાયેલા રહે છે, જેમાંથી અસહ્ય દુર્ગંધ મારી રહી છે. ઉભરાતી ગટરો અને ગંદું પાણી: ગટર લાઈનો ચોક થઈ જવાના કારણે ગંદું પાણી ખુલ્લા રસ્તાઓ પર ફરી વળ્યું છે, જેના કારણે ગ્રાહકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મચ્છરોનો ઉપદ્રવ અને જીવલેણ બિમારીઓનો ભય: ગંદા પાણીના ભરાવા અને કચરાના કારણે મચ્છર-માખીઓનો ઉપદ્રવ અત્યંત વધી ગયો છે, જેનાથી ડેન્ગ્યુ, મેલેરિયા અને ટાઈફોઈડ જેવો ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરી દહેશત ઊભી થઈ છે.

દિવાળીની રાતે ફાયર વિભાગ સતત દોડતો રહ્યો

રાજકોટમાં એક રાતમાં મર્સિડીઝનાં સર્વિસ સેન્ટર સહિત 148 સ્થળે આગ લાગી, કોઈ જાનહાની નહીં

રાજકોટ

રાજકોટમાં દિવાળીનાં તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગતરાત્રે ફાયર વિભાગને મર્સિડીઝનાં સર્વિસ સેન્ટર સહિત નાની-મોટી આગ લાગવાના 148 કોલ મળ્યા હતા. એક બાદ એક કોલ મળવાથી ફાયર વિભાગ પોતાની ટીમો સાથે દોડતો રહ્યો હતો. ધનતેરસથી અત્યાર સુધીમાં કુલ 216 કોલ મળ્યા હતા. જોકે, સદનસીબે અને ફાયર વિભાગની સમયસર કામગીરીને પરિણામે એકપણ



બનાવમાં કોઈ જાનહાની થઈ નથી. પરંતુ લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. દિવાળીનાં તહેવારને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગ દ્વારા ગીચ વિસ્તારોમાં તરત જ પહોંચી શકાય તે માટે જુદા-જુદા વિસ્તારોમાં 8 હંગામી ફાયર સ્ટેશનો પણ ઉભા કરવામાં આવ્યા હતા. ગતરાત્રે અમદાવાદ હાઈવે પર આવેલા સોખડામાં 2 કારખાનામાં ભીષણ આગ લાગી હતી. જે બુઝાવવા રાતભર ફાયરની ટીમો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ સિવાય શહેરના ગોકુલનગર, એરપોર્ટ રોડ અને બેડી ચોકડી સહિત જુદા-જુદા વિસ્તારોમાં પણ ફટાકડા સહિતના કારણે નાની-મોટી આગની ઘટના એક પછી એક સામે આવી હતી. અને એક રાતમાં 148 કોલ નોંધાયા હતા.

વડોદરામાં એસએસજી હોસ્પિટલ સામે સલૂનની દુકાનમાં વિકરાળ આગ

વડોદરા

વડોદરા શહેરમાં આગની દુર્ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં જ શહેરના અત્યંત વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા એસએસજી હોસ્પિટલ (SSG Hospital) ની બિલકુલ સામે આવેલા દિવાળી ચોક, સલાટવાડા વિસ્તારમાં એક અતિ ગંભીર અગ્નિકાંડની ઘટના સામે આવી છે. આ વિસ્તારમાં આવેલી એક સલૂનની દુકાનના ઉપરના ભાગે અચાનક શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણોસર વિકરાળ આગ ફાટી નીકળતાં આખો વિસ્તાર ધુમાડાના ગોટેગોટાથી છવાઈ ગયો હતો અને ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની વિગતો મુજબ, સલાટવાડાના દિવાળી ચોક ખાતે આવેલી એક સલૂન દુકાનની ઉપરના ભાગે અચાનક આગ ભડકી ઉઠી હતી. બપોરના કે સાંજના વ્યસ્ત સમય દરમિયાન બનેલી આ ઘટનાને કારણે આસપાસના વેપારીઓ અને રાહદારીઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

GSRTC અને નામાંકિત કંપનીઓના નામે નકલી ઈમેલ બનાવી વેપારી સાથે 40.63 લાખની મસમોટી ઠગાઈ!

સરકારી સંસ્થાઓ અને નામાંકિત બ્રાન્ડ્સના નામે ચાલતા આ પ્રકારના હાઈ-ટેક કૌભાંડો એ તમામ ઓનલાઈન ટેન્ડર ભરતા વેપારીઓ, કોન્ટ્રાક્ટરો અને વ્યવસાયકારો માટે એક સ્પષ્ટ લાલબત્તી સમાન કિસ્સો છે

અમદાવાદ

આજના આધુનિક ડિજિટલ યુગમાં જેમ-જેમ ટેકનોલોજી અને ઈન્ટરનેટનો વ્યાપ વધી રહ્યો છે, તેમ-તેમ સાયબર ગુનેગારો અને ઠગો પણ વધુ ચાલાક અને હાઈ-ટેક બનતા જઈ રહ્યા છે. લોકોને આર્થિક રીતે પાયમાલ કરવા માટે ઠગોએ હવે લિન્ક મોકલવા કે લોટરી લાગવાની જૂની અને ઘસાઈ ગયેલી પદ્ધતિઓ ફગાવી દીધી છે અને અત્યંત ખતરનાક તથા ચોંકાવનારા નવા નુસખા અપનાવવાનું શરૂ કર્યું છે. સાયબર ક્રાઈમની દુનિયામાંથી એક એવો જ રુંવાડા ઊભા કરી દે તેવો કિસ્સો સામે આવ્યો છે, જેને જાણીને ઓનલાઈન ટેન્ડર ભરતા વેપારીઓ અને ઉદ્યોગકારોના પગ નીચેથી જમીન સરકી જશે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC) એટલે કે સરકારી પરિવહન નિગમ અને દેશની નામાંકિત પ્રતિષ્ઠિત કંપનીઓના નામે અસલી જેવા જ બિલકુલ હૂબહૂ દેખાતા નકલી ઈમેલ આઈડી (Fake Email IDs) બનાવવાનું આ સાયબર ગેંગ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. આ નકલી ઈમેલ આઈડીનો ઉપયોગ કરીને ભોળા અને વેપાર સાથે જોડાયેલા વેપારીઓને મોટા અને નફાકારક ટેન્ડરો અપાવવાની લાલચ આપવામાં આવતી હતી. સરકારી કે મોટી કંપનીનું નામ જોઈને કોઈપણ વેપારી સરળતાથી વિશ્વાસ કરી બેસે છે, અને આ જ મનોવિજ્ઞાનનો ફાયદો ઉઠાવીને ઠગોએ પોતાનો મજબૂત શિકારી ગાળિયો ફેલાવ્યો હતો. આ હાઈ-ટેક ઠગાઈની મોડસ ઓપરેન્ડી એટલી પક્કી હતી કે પીડિત વેપારીને ક્યાંય શંકાનો અવકાશ જ ન રહે. આરોપીઓએ માત્ર નકલી ઈમેલ જ નહીં, પરંતુ સરકારી વિભાગના ઉચ્ચ અધિકારીઓ કે નામાંકિત કંપનીના મોટા પદાધિકારીઓની ખોટી ઓળખ આપીને પીડિતો સાથે સંપર્ક સાધ્યો હતો. વ્હોટ્સએપ જેવી સોશિયલ મીડિયા એપ્લિકેશન પર એકદમ અસલી જેવા જ દેખાતા નકલી સરકારી દસ્તાવેજો, લેટરપેડ્સ અને બેંક ચેક મોકલીને ઠગોએ વેપારીનો પૂરેપૂરો વિશ્વાસ જીતી લીધો હતો.

શરમ કરો! પ્રજાના લોહી-પરસેવાના ટેક્સ પર એશ કરતા 152 લાંચિયા બાબુઓ 13 કરોડ ચાવી ગયા; રક્ષક જ બન્યા ભક્ષક!!!

સામાન્ય નાગરિક માટે પોતાની જમીનનો સાચો દસ્તાવેજ બનાવવો, મકાનનું કામ કરાવવું કે પંચાયતના ધક્કા ખાવા એ કોઈ અગ્નિપરિક્ષાથી કમ નથી



ગાંધીનગર

ગુજરાતમાંથી એક અત્યંત ચોંકાવનારા, કાળઝાળ રોષ જગાવનાર અને ભ્રષ્ટાચારની કાળી વાસ્તવિકતા ઉજાગર કરતા આંકડા સામે આવ્યા છે. એક તરફ સરકાર દ્વારા રાજ્યને ભ્રષ્ટાચારમુક્ત અને પારદર્શક વહીવટ આપવાની ગુલબાંગો પોકારવામાં આવે છે, તો બીજી તરફ જમીની હકીકત એ છે કે સામાન્ય પ્રજા સરકારી કચેરીઓમાં કલાકો સુધી લાઈનમાં ઊભી રહે, ધક્કા ખાય કે ચક્કર કાપે તો પણ તેમનું કાયદેસરનું કામ એક ચપટીમાં થતું નથી!

કેમ નથી થતું? કારણ કે આ લાંચિયા અધિકારીઓને સામાન્ય જનતાના પરસેવાથી કોઈ મતલબ નથી, તેમને તો માત્ર પ્રજાના ખિસ્સામાંથી નીકળતી નોટોના બંડલ અને પોતાની તિજોરી ભરવામાં રસ છે. એસીબી (ACB) ના ચોંકાવનારા આંકડાઓ જોઈને દેશના કોઈપણ ઈમાનદાર નાગરિકનું લોહી ઉકળી ઊઠે તેમ છે! પ્રજાના ટેક્સના પૈસાથી મોગલાયી ભોગવતા આ સરકારી મગરમચ્છોએ કઈ રીતે ગુજરાતને લૂંટ્યું છે, તેની વિસ્તૃત પટકથા અહીં છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના પર છે, તેવા ગૃહ વિભાગ અને પોલીસ વિભાગના જ ૨૯ ભ્રષ્ટાચારી અધિકારીઓ અને કર્મચારીઓએ ભેગા મળીને જનતાના અંદાજે ૨.૬૪ કરોડ ડાઘી નાખ્યા છે! સૌથી શરમજનક બાબત તો એ છે કે આમાં એકલા ૨૮ જેટલા તો પોલીસ કોન્સ્ટેબલો જ છે, જેઓ રક્ષક બનવાને બદલે જનતાને ખુલ્લેઆમ લૂંટવાના ધંધે ચઢ્યા હતા. શહેરોને સ્માર્ટ અને વિકસિત બનાવવાની મોટી મોટી વાતો કરતી સિસ્ટમની અંદર બેઠેલા શહેરી વિકાસ વિભાગના ૧૬ બાબુઓએ પોતાના હોદ્દાનો ગેરલાભ ઉઠાવીને સીધા તમારા હકના ૨ કરોડ પોતાની અંગત તિજોરીઓમાં ભરી દીધા છે. વિકાસના નામે પ્રજાના પૈસા કઈ રીતે સ્વાહા થઈ રહ્યા છે, આ આંકડો તેની સાક્ષી પૂરે છે. સામાન્ય નાગરિક માટે પોતાની જમીનનો સાચો દસ્તાવેજ બનાવવો, મકાનનું કામ કરાવવું કે પંચાયતના ધક્કા ખાવા એ કોઈ અગ્નિપરિક્ષાથી કમ નથી. મહેસૂલ અને પંચાયત વિભાગના ભ્રષ્ટ અધિકારીઓએ વચેટિયાઓ (દલાલો) સાથે સાંઠગાંઠ કરીને કરોડો રૂપિયાની મલાઈ તારવી લીધી છે. પોતાના જ ઘર કે જમીનના હક માટે સામાન્ય જનતા આજે પણ સરકારી ઓફિસોના ઉંબરે ભિખારીની જેમ ટળવળવા મજબૂર છે. ભ્રષ્ટાચારીઓની હાય વ્યાય એટલી વધી ગઈ છે કે હવે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય ઘડતા શિક્ષણ વિભાગ અને ગરીબોને દવા-સારવાર આપતા આરોગ્ય વિભાગ જેવા પવિત્ર ક્ષેત્રોને પણ તેમણે છોડ્યા નથી. આ કાળા મનના બાબુઓ ગરીબોની જીંદગી અને બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરતા જરાય શરમાતા નથી. સરકાર આ ભ્રષ્ટ કર્મચારીઓને તગડા પગાર આપે છે, મોંઘવારી ભથ્થા આપે છે અને સેવાનિવૃત્તિ પછી પેન્શન પણ સુનિશ્ચિત કરે છે, તોય આ સરકારી મગરમચ્છોની ભૂખ ક્યારેય ધરાતી નથી! એક તરફ મોંઘવારીની આગમાં સામાન્ય જનતા પિસાઈ રહી છે, અને બીજી તરફ આ ૧૫૨ લાંચિયા અધિકારીઓ કરોડો રૂપિયાની લાંચ લઈને એશ-આરામની જિંદગી જીવી રહ્યા છે.

સસ્પેન્ડેડ પોલીસ કોન્સ્ટેબલને 20 વર્ષની સખત કેદ

અમરેલીમાં સગીરા પર દુષ્કર્મના કેસમાં કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

અમરેલી

અમરેલી જિલ્લામાંથી ખાખી વર્દીને શર્મસાર કરતી અને કાયદાના શાસકનું કડક ઉદાહરણ પૂરું પાડતી એક અત્યંત ગંભીર ઘટના સામે આવી છે. બાબરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ફરજ બજાવી ચૂકેલા અને સસ્પેન્ડેડ થયેલા એક પોલીસ કર્મચારીને પોક્સો કોર્ટે સગીરાના અપહરણ અને દુષ્કર્મના કેસમાં દોષિત ઠેરવતા પૂરી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ મામલામાં અદાલતના કડક વલણને કારણે પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આ કેસમાં આરોપી રવિરાજસિંહ ચૌહાણ કે જે તે સમયે બાબરા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો, તેણે પોતાની પદની મર્યાદા અને ખાખી વર્દીની લાજને નેવે મૂકીને એક ૧૪ વર્ષીય સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આરોપીએ સગીરાનું અપહરણ કરીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ સમગ્ર પંથકમાં રોષની આગ ભભૂકી ઉઠી હતી અને પોલીસ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે આ નફ્ફટ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. આ ગંભીર ગુનાની તપાસ ખૂબ જ ઝડપથી અને સઘન રીતે પૂર્ણ કરવામાં આવી હતી. અમરેલીની વિશેષ પોક્સો કોર્ટમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અદાલતમાં સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અને દલીલોને ધ્યાને રાખીને ન્યાયાધીશે આરોપી રવિરાજસિંહ ચૌહાણ સામેનો ગુનો સાબિત માનીને તેને કલમ હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો.

ભાટિયા, ગીર સોમનાથ સહિતના પંથકમાં અનરાધાર વરસાદથી ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો છીનવાયો, પાક બરબાદ!

ગાંધીનગર

ગુજરાતના ખેડૂતો પર કુદરત જાણે વેર વાળી રહી હોય તેમ એક પછી એક આફતો ત્રાટકી રહી છે. રાજ્યમાં દિવાળીના તહેવારો અને કટાઈની મોસમ ટાંકણે જ સૌરાષ્ટ્ર પંથકમાં ફરી એકવાર કમોસમી વરસાદે (અવ વરસાદ) ધમાકેદાર એન્ટ્રી કરીને ખેડૂતોની ચિંતામાં મોટો વધારો કરી દીધો છે. દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં પડેલા આ આફતના વરસાદે ખેડૂતોની વર્ષભરની મહેનત અને અરમાનો પર પાણી ફેરવી દીધા છે, જેના કારણે અન્નદાતાઓની હાલત કફોડી બની ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટિયા તથા તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન અને જોરદાર ગાજવીજ સાથે પડેલા કમોસમી વરસાદી ઝાપટાંએ સર્વત્ર તારાજી સર્જી હતી. તેજ પવન ફૂંકાવાને કારણે ખેતરોમાં ઊભેલા તૈયાર પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ, ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા, ઉના અને કોડીનાર પંથકમાં પણ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ખાસ કરીને ફાટસર અને ખિલાવડ સહિતના આસપાસના ગામોમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. માત્ર અડધા કલાક જેટલા ટૂંકા સમયમાં ખાબકેલા મુશળધાર વરસાદ અને તેની સાથે ફૂંકાયેલા જોરદાર વાવાઝોડાએ ખેતરોમાં તબાહી મચાવી દીધી હતી. ખેડૂતો દ્વારા લાંબા સમયથી પરસેવો પાડીને તૈયાર કરાયેલા પાક જેવા કે કપાસ, મગફળી અને શેરડીને આ કમોસમી વરસાદે ભારે નુકસાન પહોંચાડ્યું છે. કાપણી માટે તૈયાર થયેલી મગફળીના પાકમાં પાણી ભરાઈ જવાના કારણે તે સડી જવાની પૂરેપૂરી શક્યતા છે, જ્યારે કપાસ અને શેરડીના ઊભા પાક જમીનદોસ્ત થઈ ગયા છે. મોંઘા ભાવનું બિયારણ, ખાતર અને દવાઓ પાછળ ખર્ચેલા નાણાં તો ઠીક, પરંતુ અન્નદાતાની આખી સિઝનની મહેનત આંખના પલકારામાં ધોવાઈ ગઈ છે.

ભાજપના 'અસલી હિન્દુત્વ' અને

'સબકા સાથ, સબકા વિકાસ'ના નારા વચ્ચે કલ્યાણકારી યોજનાઓના આંકડાઓની રાજનીતિ

ગાંધીનગર

ભારતીય રાજકારણમાં હંમેશાં હિન્દુત્વ, ધર્મ અને વિકાસના મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહ્યા છે. તાજેતરમાં ભાજપના નેતાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા કેટલાક આંકડાઓએ દેશભરમાં એક નવો રાજકીય અને વૈચારિક તર્ક ઊભો કર્યો છે. ભાજપના નેતાઓ દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પાર્ટીનું 'અસલી હિન્દુત્વ' માત્ર ભાષણો કે નારા પૂરતું સીમિત નથી, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારોની કલ્યાણકારી યોજનાઓનો લાભ વિના ભેદભાવે દરેક નાગરિક સુધી પહોંચાડવામાં આવે છે.

આ દાવા મુજબ, દેશની કુલ વસ્તીમાં અંદાજે 14% હિસ્સો ધરાવતા મુસ્લિમ સમુદાયને સરકારી યોજનાઓમાં નોંધપાત્ર અને મોટો હિસ્સો મળ્યો છે. ચાલો વિગતવાર સમજીએ કે આ આંકડાઓ પાછળની વાસ્તવિકતા શું છે અને રાજકીય ગલિયારામાં તેની કેવી ચર્ચાઓ ચાલી રહી છે.

ભાજપના નેતાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાકીય દાવાઓ અનુસાર, કલ્યાણકારી યોજનાઓના વિતરણમાં લઘુમતી સમુદાયને પણ સમાન અને મોટો હિસ્સો મળ્યો છે: દાવા મુજબ, દેશમાં જરૂરિયાતમંદોને આપવામાં આવેલા કુલ સરકારી આવાસમાંથી અંદાજે 31% આવાસ મુસ્લિમ પરિવારોને ફાળવવામાં આવ્યા છે. ખેડૂતોને આર્થિક સહાય આપતી આ મહત્વની યોજનામાં પણ અંદાજે 33% જેટલા લાભાર્થીઓ લઘુમતી સમુદાયમાંથી આવે છે તેવો દાવો કરાઈ રહ્યો છે.

એલપીજી ગેસ કનેક્શન (Ujjwala Yojana): દેશના ગરીબ પરિવારોને ધુમાડામાંથી મુક્તિ અપાવવા માટે અપાયેલા ઉજ્જવલા યોજનાના ગેસ કનેક્શન્સમાં અંદાજે 37% હિસ્સો મુસ્લિમ લાભાર્થીઓનો હોવાનું કહેવાય છે. મુદ્રા લોન (PM Mudra Yojana): નાના વેપારીઓ અને રોજગારી માટે અપાતી મુદ્રા લોનમાં અંદાજે 31% જેટલી લોન મુસ્લિમ યુવાનો અને ઉદ્યોગસાહસિકોને મળી છે.

આ આંકડાઓ રજૂ પાછળ ભાજપની રણનીતિ સ્પષ્ટ છે કે પાર્ટી માત્ર બહુસંખ્યકવાદની રાજનીતિ નથી કરતી, પરંતુ 'તુષ્ટિકરણ વિનાનો વિકાસ' અને 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રને જમીન પર સાબિત કરે છે. ભાજપના નેતાઓનું માનવું છે કે સરકારી કલ્યાણકારી યોજનાઓ કોઈ ધર્મ કે જાતિ જોઈને નથી આપવામાં આવતી, પરંતુ જે પાત્ર છે અને જરૂરિયાતમંદ છે, તેને સીધો લાભ મળે છે. આને જ ભાજપના સમર્થકો 'અસલી હિન્દુત્વ' તરીકે ગણાવે છે, જેનો અર્થ 'વસુધૈવ કુટુંબકમ્' (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) અને 'સર્વ પંથ સંભાવ'ના ભારતીય સંસ્કૃતિના મૂળ સિદ્ધાંત સાથે જોડવામાં આવે છે. સરકારનું લક્ષ્ય દરેક ગરીબને ઘર, અન્ન, સ્વાસ્થ્ય અને રોજગારીની તકો પૂરી પાડવાનું છે, પછી ભલે તે ગમે તે ધર્મ કે વર્ગનો હોય. આ દાવાઓ સામે રાજકીય વિશ્લેષકો અને વિરોધ પક્ષોના મંતવ્યો પણ જુદા જુદા છે.

ખનીજ ચોરી કેસના વાહનો છોડવા પેટે

70 હજારની લાંચ લેતો હેડ કોન્સ્ટેબલ ACBના સકંજામાં

ગાંધીનગર



ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) દ્વારા લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓ સામે સતત સપાટો બોલાવવામાં આવી રહ્યો છે. તાજેતરમાં જ ખનીજ ચોરીના કેસમાં પકડાયેલા વાહનોને છોડી દેવા માટે અને તેમાં કાયદેસરની કાર્યવાહી ન કરવાના બદલામાં હજારો રૂપિયાની લાંચ માંગનાર એક હેડ કોન્સ્ટેબલ એસીબીના જાળમાં રેડહેન્ડ ઝડપાઈ ગયો છે. આ ઘટનાને કારણે પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે અને પ્રામાણિકતાના દાવાઓની પોલ ખુલી ગઈ છે. મૂળ માહિતી મુજબ, ગેરકાયદેસર ખનીજ ચોરી અને વહન કરતા વાહનો પોલીસ પકડમાં આવ્યા બાદ તેને છોડાવવા માટે અથવા તો કાયદાકીય કાર્યવાહીમાંથી બચાવવા માટે પોલીસ કર્મચારીઓ દ્વારા મોટી રકમની માંગણી કરવામાં આવતી હોવાની ફરિયાદો અવારનવાર સામે આવતી હોય છે. આ જ પ્રકારના એક મામલામાં સંડોવાયેલા હેડ કોન્સ્ટેબલે ફરિયાદી પાસે વાહનો છોડવાની અવેજમાં 70 હજાર રૂપિયાની માતબર રકમની લાંચ માંગી હતી.

ફરીયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે તુરંત જ આ બાબતે એસીબી (ACB) નો સંપર્ક કર્યો હતો અને લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે નિયમોનુસાર છટકબંધી (ટ્રેપ) ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન આરોપી હેડ કોન્સ્ટેબલ ફરિયાદી પાસેથી 70,000 રૂપિયાની લાંચની રકમ સ્વીકારતાની સાથે જ એસીબીની ટીમ દ્વારા રંગે હાથે ઝડપાઈ ગયો હતો.

છેલ્લા 25 વર્ષમાં કોંગ્રેસ

PM મોદીના વિઝન સામે ટક્કર લેવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે : હર્ષ સંઘવી

ગાંધીનગર

ગુજરાતની રાજનીતિમાંથી ફરી એકવાર કોંગ્રેસ પક્ષ પર પ્રહારો કરતી અત્યંત ધારદાર અને આક્રમકબદ્ધ નિવેદનબાજી સામે આવી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસના નેતૃત્વ અને તેની રાજકીય રણનીતિ પર આકરા પ્રહારો કરતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, છેલ્લા 25 વર્ષના લાંબા સમયગાળામાં પણ કોંગ્રેસના નેતાઓ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યો, વિકાસના મોડેલ અને તેમના દીર્ઘદ્રષ્ટિવાળા વિઝનનો કોઈ તોડ કે વિકલ્પ શોધી શક્યા નથી.



હર્ષ સંઘવીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શાસન સંભાળ્યું ત્યારથી લઈને દેશના વડાપ્રધાન તરીકે વૈશ્વિક સ્તરે ભારતની પકડ મજબૂત કરવા સુધીનો જે રાજકીય અને વિકાસાત્મક પ્રવાસ ખેડ્યો છે, તેમાં વિરોધ પક્ષો હંમેશાં વામણા સાબિત થયા છે. એક ક્વાર્ટર સદી (25 વર્ષ) વીતી જવા છતાં કોંગ્રેસ પાસે જનતાને આકર્ષિત કરી શકે તેવું કોઈ વિઝન નથી, જેના કારણે તેઓ માત્ર નકારાત્મક રાજનીતિ પૂરતા સીમિત થઈ ગયા છે. રાજકીય વિશ્લેષકોના મતે પણ આ નિવેદનમાં દમ એટલા માટે દેખાય છે કારણ કે છેલ્લા અઢી દાયકામાં ભારતીય રાજકારણમાં મોટા પાયે પરિવર્તનો આવ્યા છે: જમીની સ્તરે વિકાસની રાજનીતિ: પીએમ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી યોજનાઓ–પછી ભલે તે ડિજિટલ ઈન્ડિયા હોય, માળખાકીય સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) હોય કે પછી ગરીબ કલ્યાણની યોજનાઓ–તેણે સીધા સામાન્ય માનવીના જીવનને સ્પર્શ કર્યો છે. કોંગ્રેસ આ મજબૂત વિકાસ મોડેલ સામે કોઈ સચોટ આર્થિક કે સામાજિક વિકલ્પ પ્રસ્તુત કરવામાં સતત નિષ્ફળ રહી છે.

ઊર્જા મંત્રીએ દિવાળી બાદ ગામમાં સફાઈ કરી: કૌશિક વેકરિયાએ દેવરાજીયામાં ઝાડુ પકડી કચરો એકત્ર કર્યો

અમરેલી

દિવાળીના તહેવારમાં ચોતરફ ફટાકડા ફોડીને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે ઉજવણી બાદ ફેલાતા કચરા અંગે સભાનતા દાખવી ગુજરાતના ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાએ સ્વચ્છતાનો અનોખો અને પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે. મંત્રીએ પોતાના વતન અમરેલી તાલુકાના દેવરાજીયા ગામમાં ઉજવણી બાદ માત્ર સફાઈની અપીલ કરવાને બદલે જાતે હાથમાં ઝાડુ પકડીને સફાઈ કામગીરી શરૂ કરી હતી.

દિવાળીની રાત્રે ફટાકડા ફોડ્યા બાદ ગામના ચોકમાં મોટા પ્રમાણમાં કચરો એકત્ર થયો હતો. આ સ્થિતિ જોઈ ઊર્જા મંત્રી કૌશિક વેકરિયા જાતે ચોકમાં ફેલાયેલો કચરો એકઠો કરવા લાગ્યા હતા. મંત્રીને સફાઈ કરતા જોઈ ગામના યુવાનો અને ગ્રામજનો પણ ઉત્સાહભેર તેમની સાથે જોડાયા હતા. દેવરાજીયા ગામમાં મોડી રાત સુધી ચાલેલા આ સ્વચ્છતા અભિયાન દરમિયાન ફટાકડાથી ફેલાયેલા તમામ કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. મંત્રી કૌશિક વેકરિયાની આ પહેલથી એ સંદેશ સ્પષ્ટ થયો છે કે સ્વચ્છતા એ માત્ર સરકારી અભિયાન નથી, પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે.

બેંકની નોકરી છોડી દીધી અને બની ગઈ 'મા'

બહેન હોય તો આવી! વડોદરાની શીતલ મોદીએ ભાઈ માટે લગ્ન ન કર્યા

વડોદરા

આજના સ્વાર્થી અને દોડધામ ભરેલા યુગમાં જ્યાં સંબંધો માત્ર મતલબ પૂરતા સીમિત થઈ ગયા છે, ત્યાં વડોદરામાંથી ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની એક એવી રુંવાડા ઊભા કરી દે તેવી અને હૃદયસ્પર્શી કહાની સામે આવી છે, જે જાણીને તમારી પણ આંખો ભીની થઈ જશે. આ અનોખી મિસાલ કાયમ કરનાર ૫૧ વર્ષીય બહેન શીતલ મોદીએ પોતાના દિવ્યાંગ ભાઈ માટે જે મહાન ત્યાગ કર્યો છે, તે માનવતા અને નિઃસ્વાર્થ પ્રેમની સૌથી મોટી પરીક્ષા સમાન છે.

મળતી માહિતી મુજબ, વડોદરામાં રહેતા ૪૮ વર્ષીય અશ્વિનભાઈ માનસિક રીતે દિવ્યાંગ છે અને ઉંમરના આ પડાવ પર પણ તેઓ નાના બાળકની જેમ જ જીવે છે. કુદરતની



બોલિવૂડના જાણીતા અભિનેતા ગોવિંદા અને તેમની પત્ની સુનીતા આહુજાના લગ્નજીવનને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. બંને વચ્ચે અણબનાવ હોવાની અફવાઓ સતત સામે આવી રહી છે. આ દરમિયાન સુનીતા આહુજાએ પોતાના લગ્નજીવન અને ગોવિંદા સાથેના સંબંધો અંગે ખુલ્લેઆમ વાત કરી છે. તેમણે 40 વર્ષના લગ્નજીવનનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, આખરે આ સંબંધ કેમ નહીં ટકે? સુનીતાના આ નિવેદન બાદ ફરી એકવાર બંનેના સંબંધોની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગોવિંદાનું નામ તેમની કો-સ્ટાર કોમલ રાની સાથે જોડાયાની ચર્ચાઓ પણ થઈ રહી છે. આ અહેવાલો અને અટકળો વચ્ચે ગોવિંદા અને સુનીતાના લગ્નજીવનને લઈને લોકોમાં ઉત્સુકતા વધી છે. જોકે, ગોવિંદા અને કોમલ રાની વચ્ચેના સંબંધો અંગે કોઈ પુષ્ટિ થયેલી માહિતી સામે આવી નથી. ગોવિંદા અને સુનીતા બોલિવૂડના જાણીતા કપલમાંથી એક છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી તેમના સંબંધોને લઈને અલગ-અલગ પ્રકારની વાતો સામે આવી રહી છે. ગોવિંદા અને સુનીતા આહુજાના લગ્નને લગભગ 40 વર્ષ થઈ ચૂક્યાં છે. આટલા લાંબા સમયથી બંને એકબીજાની સાથે છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી તેમના સંબંધોમાં તણાવ હોવાની વાતો સામે આવી રહી છે. બંને અલગ રહેતા હોવાની અને તેમના લગ્નજીવનમાં મુશ્કેલીઓ હોવાની ચર્ચાઓ પણ થઈ રહી છે. આવી સ્થિતિમાં સુનીતા આહુજાએ પોતાના સંબંધો અંગે વાત કરતાં કહ્યું કે, 'આ 40 વર્ષ જૂનાં લગ્ન છે, આખરે કેમ નહીં ટકે? બધું બરાબર છે. તેઓ જે કરવાનું પસંદ કરે છે તે કરી રહ્યા છે અને હું મારું કામ કરી રહી છું. મારું પૂરું ધ્યાન હાલમાં મારા કામ પર છે.' ગોવિંદા અને સુનીતાના લગ્નજીવનને 40 વર્ષ થઈ ગયાં છે. આટલા લાંબા સમયના સંબંધને કારણે તેમના ચાહકો પણ બંનેને એકસાથે જોવા માગે છે. બંને વચ્ચેના સંબંધો અંગે જ્યારે પણ કોઈ નવી વાત સામે આવે છે ત્યારે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ જાય છે. હાલમાં સુનીતાની વાતોમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે તેઓ પોતાના 40 વર્ષ જૂના લગ્નજીવનને મહત્વ આપે છે અને સાથે જ પોતાના કામ પર પણ ધ્યાન આપી રહ્યાં છે. હવે ગોવિંદા આ સમગ્ર મામલે શું કહે છે અને બંનેના સંબંધોમાં આગળ શું બદલાવ આવે છે તે જોવું રસપ્રદ રહેશે.

હવે ગોવિંદા આ સમગ્ર મામલે શું કહે છે અને બંનેના સંબંધોમાં આગળ શું બદલાવ આવે છે તે જોવું રસપ્રદ રહેશે.

વિવાદ પર દલેર મહેંદીએ તોડ્યું મૌન: કહ્યું- શબ્દોમાં વ્યક્ત કરવું મુશ્કેલ છે

પરિવાર સૌથી મોટી તાકાત બન્યો; નેતાએ મંચ પર અપમાનિત કર્યા હતા

મુંબઈ

ઉત્તરાખંડમાં એક પરફોર્મન્સ દરમિયાન એક નેતાએ દલેર મહેંદી પર નશામાં ગીત ગાવાનો આરોપ લગાવીને તેમનું ઘણું અપમાન કર્યું હતું. તેમની પાસેથી માફી માગવાની માંગ કરવામાં આવી હતી અને અનેક સેલિબ્રિટીઝે પણ આ ઘટનાની ટીકા કરી હતી. હવે લાંબા વિવાદ બાદ ખુદ દલેર મહેંદીએ આ અંગે મૌન તોડ્યું છે. તેમણે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી દિવાળીની શુભેચ્છા પાઠવતાં લખ્યું, 'વર્ષોથી મને મારા ગીતો અને દરેક મંચ પર લોકોનો ભરપૂર પ્રેમ મળતો રહ્યો છે. પરંતુ તાજેતરના દિવસોમાં મારી સાથે જે થયું અને મેં જે અનુભવ્યું, તેને શબ્દોમાં વ્યક્ત કરવું મુશ્કેલ છે. તમે સૌ જે રીતે મારી સાથે ઊભા રહ્યા, મારા સમર્થનમાં બોલ્યા, મારા પર વિશ્વાસ વ્યક્ત કર્યો અને મને પ્રેમ આપ્યો, તેના માટે હું જેટલો પણ આભાર માનું, તેટલો ઓછો છે.' આગળ તેમણે લખ્યું, 'આ મુશ્કેલ સમયમાં મારો પરિવાર મારી સૌથી મોટી તાકાત બની રહ્યો. મારા ભાઈ મીકાએ મજબૂતીથી મારો સાથ આપ્યો. મારી પત્ની તરને પોતાના સાહસ અને અતૂટ વિશ્વાસથી મને હિંમત આપી. ગુરદીપે શાંત રહીને દરેક પરિસ્થિતિનો સામનો કર્યો અને મારી દીકરીઓ રબાબ, અજીત અને પ્રભજોતે મને નિઃશર્ત પ્રેમ આપ્યો. મારા પરિવારના દરેક સભ્યે પોતાની રીતે મારો સાથ આપ્યો. હું નસીબદાર છું કે તેઓ બધા મારી સાથે છે. સંગીત અને મનોરંજન ઉદ્યોગના તમામ લોકો, દેશના ખૂણે-ખૂણેથી મારું હાલચાલ જાણનારાઓ, મારા ચાહકો અને સમગ્ર દેશનો દિલથી આભાર.'



3 દિવસમાં 'રામાયણ'એ કમાયા ₹375 કરોડ

મોટા બજેટવાળી ભારતીય ફિલ્મો માટે 1000 કરોડ રૂપિયાની કમાણીનો બેન્ચમાર્ક મોટો માનવામાં આવે છે

મુંબઈ


5 નવેમ્બરે રિલીઝ થયેલી ફિલ્મ રામાયણ પાર્ટ-1 એ 3 દિવસમાં 375.5 કરોડ રૂપિયા કમાઈ લીધા છે. મોટા બજેટવાળી ભારતીય ફિલ્મો માટે 1000 કરોડ રૂપિયાની કમાણીનો બેન્ચમાર્ક મોટો માનવામાં આવે છે. જ્યારે 'રામાયણ'ના બંને ભાગોના નિર્માણમાં જ કથિત રીતે 4000 કરોડ રૂપિયા ખર્ચાયા છે. આ ભારતની અત્યાર સુધીની સૌથી મોંઘી ફિલ્મ છે.

5 નવેમ્બર: ભારતમાં 77.5 કરોડ અને વિદેશોમાં 51.25 કરોડની કમાણી કરી. કુલ વર્લ્ડવાઇડ ગ્રોસ કલેક્શન 128.75 કરોડ છે.

6 નવેમ્બર: ભારતમાં 57.30 કરોડ અને વિદેશોમાં 44 કરોડની કમાણી કરી. કુલ વર્લ્ડવાઇડ ગ્રોસ કલેક્શન 101.30 કરોડ થયું. આ દિવસે ભારતમાં 26.1%નો ઘટાડો અને સમગ્ર વિશ્વમાં 21.3%નો ઘટાડો થયો.

7 નવેમ્બર: ભારતમાં 83.45 કરોડ અને વિદેશોમાં 62 કરોડની કમાણી કરી. કુલ વર્લ્ડવાઇડ ગ્રોસ કલેક્શન 143.45 કરોડ થયું. આ દિવસે ભારતમાં 45.6%નો વધારો અને સમગ્ર વિશ્વમાં 41%નો વધારો થયો. ફિલ્મ ક્રિટિક અને ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શના જણાવ્યા અનુસાર, 'દિવાળીના પહેલાના સમયગાળાને કારણે શુક્રવારે ફિલ્મના બિઝનેસ પર અસર પડી. ફિલ્મ બિઝનેસની જમીની હકીકત સમજનારાઓ માટે 2 દિવસની કમાણી બિલકુલ અપેક્ષા મુજબ છે.' ટ્રેડ એક્સપર્ટ રમેશ બાલાના જણાવ્યા અનુસાર, બોક્સ ઑફિસનું એક સામાન્ય સૂત્ર એ છે કે ફિલ્મને બ્રેક-ઈવન માટે પોતાના બજેટના 2.5 ગણા કમાવા પડે છે. બ્રેક-ઈવનનો અર્થ છે- કમાણીનો એ તબક્કો જ્યારે ફિલ્મ પોતાની કિંમત વસૂલ કરી લે. ન તો નુકસાન થાય અને ન તો નફો. રામાયણના બંને ભાગના નિર્માણમાં 4 હજાર કરોડ રૂપિયા ખર્ચાયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ હિસાબે પહેલા ભાગની કિંમત 2 હજાર કરોડ રૂપિયા હોવાનું જણાવાઈ રહ્યું છે. તેથી રામાયણ પાર્ટ-1ને બ્રેક-ઈવન માટે 5 હજાર કરોડ રૂપિયાની કમાણી કરવી પડશે. 2.5 ગણો આંકડો કોઈ નિશ્ચિત ગણિત નથી, પરંતુ જૂન 2026માં ફિલ્મમેકર રાજકુમાર હિરાણીએ પણ એક પોડકાસ્ટમાં આ જ આંકડો આપ્યો હતો.





દિલજીત દોસાંઝના કોન્સર્ટમાં દારુ, હિંસાને લગતાં ચાર ગીતો પર પ્રતિબંધ

સુરક્ષા અને ધમકીઓની આશંકાઓ વચ્ચે દિલજીતે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી કે તેનો આ કાર્યક્રમ નક્કી કરેલા સમયે જ યોજાશે


મુંબઈ

મશહૂર ગાયક દિલજીત દોસાંઝના ૧૫ નવેમ્બરે ઈન્દોરમાં યોજાનાર ઓરા ઈન્ડિયા ટૂર કોન્સર્ટમાં તેના ચાર ગીતો ગાવા પર પ્રતિબંધ મુકાયો છે. 'પટિયાલા પેગ' અને 'જટ્ટ ફાયર કરદા' જેવા ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને હિંસાનો ઉલ્લેખ હોવાથી બાળકો પર ખરાબ અસર ન પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચંડીગઢના ડો. પંડિતરાવ ધરેણવરની ફરિયાદ પછી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ આ આદેશ આપ્યો હતો મશહૂર ગાયક દિલજીત દોસાંઝના ૧૫ નવેમ્બરે ઈન્દોરમાં યોજાનાર ઓરા ઈન્ડિયા ટૂર કોન્સર્ટમાં તેના ચાર ગીતો ગાવા પર પ્રતિબંધ મુકાયો છે. 'પટિયાલા પેગ' અને 'જટ્ટ ફાયર કરદા' જેવા ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને હિંસાનો ઉલ્લેખ હોવાથી બાળકો પર ખરાબ અસર ન પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચંડીગઢના ડો. પંડિતરાવ ધરેણવરની ફરિયાદ પછી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ આ આદેશ આપ્યો હતો. ફરિયાદમાં પંજાબ-હરિયાણા હાઈકોર્ટના જૂના ચૂકાદાનો હવાલો આપીને બાળકોને સ્ટેજ પર ન બોલાવવા અને ગાયકના કારતૂસવાળા પટ્ટા પહેરવા સામે પણ વાંધો ઉઠાવાયો છે, જેથી બોલ બદલ્યા પછી પણ આ ગીતો રજૂ નહીં કરી શકાય. સુરક્ષા અને ધમકીઓની આશંકાઓ વચ્ચે દિલજીતે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી કે તેનો આ કાર્યક્રમ નક્કી કરેલા સમયે જ યોજાશે. અગાઉ દિલ્હીમાં યોજાયેલા શોની જેમ અહીં પણ ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર દેશમાં યોજાઈ રહેલી આ સંગીત યાત્રાને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ સાથે ઉત્સુકતા જોવા મળી રહી છે. મશહૂર ગાયક દિલજીત દોસાંઝના ૧૫ નવેમ્બરે ઈન્દોરમાં યોજાનાર ઓરા ઈન્ડિયા ટૂર કોન્સર્ટમાં તેના ચાર ગીતો ગાવા પર પ્રતિબંધ મુકાયો છે. 'પટિયાલા પેગ' અને 'જટ્ટ ફાયર કરદા' જેવા ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને હિંસાનો ઉલ્લેખ હોવાથી બાળકો પર ખરાબ અસર ન પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

બુલેટ પ્રૂફ શીલ્ડ વિના અમિતાભ ફેન્સને મળ્યા, ધમકીઓના કારણે અભિષેક સતર્ક દેખાયો

મુંબઈ

મહાનાયક અમિતાભ બચ્ચનની તબિયતને લગતા ચિંતાજનક સમાચાર સામે આવ્યા હતા. તેમ છતાં બિગ બી દર રવિવારની જેમ આ વખતે પણ રવિવારે ચાહકોને મળવા જલસાની બહાર આવ્યા. ગયા અઠવાડિયે ધમકીઓ મળવા વચ્ચે મહાનાયક બુલેટપ્રૂફ શીલ્ડની આડમાં ચાહકોને મળ્યા હતા, પરંતુ આ અઠવાડિયે શીલ્ડ હટાવી દેવામાં આવ્યું. પુત્ર અભિષેક બચ્ચન પણ પાછળ સતર્ક ઊભેલા જોવા મળ્યા. અમિતાભ બચ્ચનના મુંબઈ સ્થિત ઘર જલસાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. તેના કારણે ગયા રવિવારે અમિતાભ બચ્ચને બુલેટપ્રૂફ કાચના કેબિનની આડમાં સંડે દર્શન આપ્યાં હતાં. તેઓ કેબિનની અંદરથી જ બહાર હાજર ચાહકો તરફ હાથ હલાવતા અને હાથ જોડીને નમસ્કાર કરતા નજરે પડ્યા હતા. ત્યારે પણ પુત્ર અભિષેક તેમની સાથે હાજર હતો. અમિતાભ બચ્ચને સત્તાવાર બ્લોગમાં લખ્યું, સૌને દીપાવલીની અનેક અનેક શુભેચ્છાઓ અને ચતુર્દશીની પણ શુભેચ્છા તથા સ્નેહ, આદર અને શુભ મંગળની પ્રાર્થનાઓ. ઈશ્વરની કૃપા હંમેશા આપણને ઘેરીને રહે. આગળ



અમિતાભ બચ્ચને લખ્યું છે કે, તેમને એટલી બધી શુભેચ્છાઓ અને ભેટો મળે છે કે હવે તેમની પાસે તેને રાખવા માટેની જગ્યા પણ ઓછી પડવા લાગી છે. તેમણે લખ્યું, હું મારી તરફથી ભેટ મોકલનારાઓને પત્ર લખીને જવાબ આપવાનો પ્રયાસ કરી રહ્યો છું. પોતે જવાબ આપવા માગું છું, પરંતુ જે હાથથી લખું છું, તે હાથ ચલાવવામાં તકલીફ થઈ રહી છે. વિલંબ માટે માફી માગું છું. બ્લોગના આગામી ભાગમાં તેમણે લખ્યું છે કે- છેલ્લા કેટલાક દિવસોથી એવી સ્થિતિ ઊભી થઈ રહી છે, જેના કારણે તેમને વારંવાર માફી માંગવી પડી રહી છે. ઉપરાંત, અમિતાભ બચ્ચને સત્તાવાર X એકાઉન્ટ પરથી બે પોસ્ટ પણ શેર કરી. પહેલીમાં લખ્યું, 'થ..થ.. થઈ ગયું.' અને બીજીમાં લખ્યું, 'અને શું? બસ.'

અર્જુન રાજપૂતની લડાયક સદી એળે ગઈ, હમઝા ઝહૂરે અણનમ 100 રન ફટકારી પોતાની ટીમને જીત અપાવી

અંડર-19 એશિયા કપ: પાકિસ્તાન સામે ભારતનો પરાજય

મોહાલી

U19 એશિયા કપ 2026ની રોમાંચક મેચમાં ભારતે પાકિસ્તાન સામે 3 વિકેટે હારનો સામનો કર્યો છે. ભારતીય ટીમ 208 રનમાં ઓલઆઉટ થઈ હતી, જેના જવાબમાં પાકિસ્તાને 48.1 ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું. ભારત તરફથી અર્જુન રાજપૂતે 107 રન અને પાકિસ્તાન તરફથી હમઝા ઝહૂરે અણનમ 100 રન ફટકારી પોતાની ટીમને જીત અપાવી હતી. એશિયન ક્રિકેટ કાઉન્સિલ અંડર-19 એશિયા કપ 2026ની રોમાંચક 8મી મેચમાં પાકિસ્તાન અંડર-19 ટીમ સામે ભારત અંડર-19 ટીમનો 3 વિકેટે પરાજય થયો છે. પ્રથમ બેટિંગ કરતા ભારતીય યુવા ટીમ 46.3 ઓવરમાં 208 રનમાં



ઓલઆઉ થઈ ગઈ હતી. જેના જવાબમાં પાકિસ્તાને 48.1 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ મુકાબલામાં બંને તરફથી શાનદાર બેટિંગ જોવા મળી હતી. પાકિસ્તાન તરફથી હમઝા ઝહૂરે અડગ રહીને અણનમ 100 રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી, જ્યારે ભારત તરફથી અર્જુન રાજપૂતે શાનદાર બેટિંગનું પ્રદર્શન કરતા 107 રન ફટકાર્યા હતા. મેચમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત અત્યંત નબળી રહી હતી અને ઓપનર લક્ષ્ય રાયચંદાની ખાતું ખોલાવ્યા વિના શૂન્ય રને પેવેલિયન ભેગો થયો હતો. આર્યવીર સેહવાગે 40 બોલમાં 1 ચોગ્ગો અને 1 છગ્ગો ફટકારી 22 રન બનાવ્યા હતા, જ્યારે વી.કે. વિનીથ 8 રન અને યશવર્ધન ચૌહાણ માત્ર 1 રન બનાવી ઝડપથી આઉટ થઈ ગયા હતા. જોકે મિડલ ઓર્ડરમાં અર્જુન રાજપૂતે એકલા હાથે બાજી સંભાળીને આક્રમક બેટિંગ કરતા 85 બોલમાં 11 ચોગ્ગા અને 5 ગગનચુંબી છગ્ગાની મદદથી શાનદાર 107 રનની શતકીય ઈનિંગ્સ રમી હતી. અન્ય બેટરોમાં અન્વય દ્રવિડ 10 રન, મનાલ ચૌહાણ 11 રન અને કાવ્યા પારેશ પટેલ 45 બોલમાં 23 રન બનાવી થોડો સમય ક્રિઝ પર ટકી રહ્યા હતા.

ટેસ્ટની તૈયારી માટે અર્શદીપ, ગુરનૂર, આકિબ રોકાશે

નવી દિલ્હી

ભારતના ઝડપી બોલરો અર્શદીપ સિંહ, ગુરનૂર બરાર અને આકિબ નબી ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીની તૈયારી માટે વનડે શ્રેણી બાદ પણ ટીમ સાથે રોકાશે. બેટિંગ કોચ સિતાંશુ કોટકે શનિવારે ત્રીજી વનડે પહેલાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં આ વાતની પુષ્ટિ કરી હતી. ભારતીય ટેસ્ટ ખેલાડીઓનો તૈયારી કેમ્પ 11 નવેમ્બરથી શરૂ થશે. કોટકના જણાવ્યા અનુસાર, વર્તમાન વનડે શ્રેણીમાં બોલરોને મળેલી પરિસ્થિતિઓથી ટેસ્ટ શ્રેણીની તૈયારીમાં મદદ મળી છે. બંને પીચો પર સીમ અને સ્વિંગ જોવા મળ્યાં હતાં. પીચ પરના ઘાસ અને બોલના વર્તનથી ખેલાડીઓને આગામી ટેસ્ટ મેચોની પરિસ્થિતિઓનો અંદાજ મળ્યો છે. 11 નવેમ્બરથી શરૂ થશે ટેસ્ટ કેમ્પ

કોટકે જણાવ્યું કે ભારતીય ટીમના ટેસ્ટ ખેલાડીઓ 11 નવેમ્બરથી તૈયારી કેમ્પમાં ભાગ લેશે. આ દરમિયાન 5-6 પ્રેક્ટિસ સેશન યોજાય તેવી અપેક્ષા છે. ભારત-Aની ત્રણ મેચોથી પણ બેટ્સમેન અને બોલરોને તૈયારી કરવાની તક મળી છે. બેટિંગ કોચે વિકેટકીપર બેટ્સમેન કેએલ રાહુલના વખાણ કર્યા. તેમણે કહ્યું કે રાહુલ ટીમની જરૂરિયાત મુજબ બેટિંગ કરે છે અને દબાણમાં પણ પોતાની સ્વાભાવિક રમત રમે છે. રાહુલે ન્યૂઝીલેન્ડ સામેની બીજી વનડેમાં વરસાદથી પ્રભાવિત રન ચેઝ દરમિયાન અણનમ 26 રન બનાવ્યા હતા. ભારતે 135 રનના લક્ષ્યનો પીછો કરતાં 26 ઓવરમાં 113/7 રન બનાવ્યા હતા. ત્યારબાદ વરસાદને કારણે મેચ રોકવી પડી અને ભારતે DLS નિયમ મુજબ 4 રનથી જીત મેળવી.

ત્રીજી ટેસ્ટ પર ભારતની મજબૂત પકડ

ન્યુઝીલેન્ડે 9 બોલરો અજમાવ્યા પણ ટીમ ઇન્ડિયા સામે બધા ફ્લોપ

નવી દિલ્હી

ભારત 'એ' ટીમે ન્યુઝીલેન્ડ 'એ' સામે ત્રીજી અનઓફિશિયલ ટેસ્ટમાં મજબૂત પકડ જમાવી છે. ભારતે પ્રથમ ઈનિંગ્સ 464 રન બનાવી ડિકલેર કરી, જેમાં યશસ્વી જયસ્વાલના 102 રન અને તિલક વર્માના 81*, વોશિંગ્ટન સુંદરના 50* રનનો ફાળો હતો. જવાબમાં, ન્યુઝીલેન્ડે બીજા દિવસના અંતે 36 રનમાં 2 વિકેટ ગુમાવી, પ્રસિદ્ધ કૃષ્ણાએ બંને વિકેટ ઝડપી. કિવી ટીમ હજુ 428 રન પાછળ છે. ત્રીજા અનઓફિશિયલ ટેસ્ટ મેચ પર ભારત 'એ' ટીમે પોતાની મજબૂત પકડ જમાવી લીધી છે. બીજા દિવસની રમતના અંત સુધીમાં



ન્યુઝીલેન્ડે પોતાની પ્રથમ ઈનિંગ્સમાં 36 રન પર 2 વિકેટ ગુમાવી દીધી છે. આ પહેલા ભારત 'એ' ટીમે પોતાની પ્રથમ ઈનિંગ્સ 464 રન બનાવીને ડિકલેર કરી હતી. બે દિવસની રમત પૂર્ણ થયા બાદ કિવી ટીમ હજુ પણ ભારત કરતાં 428 રન પાછળ ચાલી રહી છે. ભારત તરફથી પ્રથમ ઈનિંગ્સમાં યશસ્વી જયસ્વાલે શાનદાર સદી ફટકારી હતી અને સાઈ સુદર્શને 88 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી.

ત્યારબાદ બીજા દિવસે તિલક વર્મા અને વોશિંગ્ટન સુંદરે પોતાની બેટિંગથી કમાલ કરી હતી અને ન્યુઝીલેન્ડના બોલરોને વિકેટ માટે તરસા મૂક્યા હતા. ભારત 'એ' ટીમે 464 રન પર દાવ ડિકલેર કર્યો ત્યારે તિલક વર્મા 81 રન અને વોશિંગ્ટન સુંદર 50 રન બનાવીને અણનમ રહ્યા હતા. બંને બેટ્સમેનો વચ્ચે અણનમ 114 રનની મજબૂત ભાગીદારી નોંધાઈ હતી. સામાન્ય રીતે કોઈપણ ક્રિકેટ મેચમાં 5 કે 6 બોલરો જ બોલિંગ કરતા હોય છે. જોકે આ ત્રીજી ટેસ્ટમાં ન્યુઝીલેન્ડ 'એ' તરફથી 9 ખેલાડીઓએ બોલિંગ કરી હતી.

અનુજ શ્રીવાસ્ત્રી ભારતના 100મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા

ફિલિપાઇન્સમાં આસિયાન પ્લસ ચેમ્પિયનશિપ જીતી, વિશ્વનાથન આનંદ છે પહેલાં ગ્રાન્ડમાસ્ટર

મુંબઈ

અનુજ શ્રીવાત્રી ભારતના 100મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા છે. તેમણે 8 નવેમ્બરે ફિલિપાઇન્સના ઓઝામિઝમાં યોજાયેલી 7મી આસિયાન પ્લસ ઈન્ડિવિજ્યુઅલ ઓપન ચેસ ચેમ્પિયનશિપ જીતી હતી. આ સાથે તેમને ગ્રાન્ડમાસ્ટર બનવા માટે જરૂરી ત્રીજું નોર્મ મળ્યું. 22 વર્ષીય અનુજ ગ્રાન્ડમાસ્ટર બનનાર મધ્યપ્રદેશના પ્રથમ ખેલાડી છે. શરૂઆતના રાઉન્ડમાં હાર્યા બાદ તેમણે બાકીની 8 રમતોમાં 7 પોઈન્ટ મેળવ્યા. વિશ્વનાથન આનંદ ભારતના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર છે. તેમણે 1988માં આ સિદ્ધિ મેળવી હતી. આનંદ આગળ જતાં પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન પણ બન્યા. પિતા અશોક શ્રીવાત્રીએ ચેસ રમવાનું શીખવ્યું. મધ્યપ્રદેશના કટની શહેરમાં 2004માં જન્મેલા અનુજને ચેસ રમવાનું તેમના પિતા અશોક શ્રીવાત્રીએ શીખવ્યું હતું. અનુજ 15 વર્ષની ઉંમરે જ મધ્યપ્રદેશના સૌથી યુવા ઈન્ટરનેશનલ માસ્ટર (IM) બની ગયા હતા. અનુજે કમ્પ્યુટર સાયન્સમાં બીટેકની ડિગ્રી મેળવી છે. કોલેજના દિવસોમાં તેમણે સોફ્ટવેર ડેવલપમેન્ટ અને મશીન લર્નિંગના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કર્યું. જર્મનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે એક વર્ષની ઈન્ટર્નશિપ પણ પૂર્ણ કરી. હાલમાં અનુજ શતરંજ રમવાની સાથે-સાથે ઓનલાઇન ચેસ પ્લેટફોર્મ્સ દ્વારા વિશ્વભરના એડવાન્સ સ્તરના ચેસ ખેલાડીઓને તાલીમ પણ આપે છે.



AICF અધ્યક્ષે શુભેચ્છા પાઠવી ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (AICF)ના અધ્યક્ષ નિતિન નરંગે અનુજ શ્રીવાસ્ત્રીને શુભેચ્છા પાઠવી. તેમણે 7મી ASEAN પ્લસ ઈન્ડિવિજ્યુઅલ ચેસ ચેમ્પિયનશિપ 2026 જીતીને સીધો GM ખિતાબ હાંસલ કરવા બદલ ખુશી વ્યક્ત કરી.

બિઝનેસ

બ્રેન્ટ 98 ડૉલર પર આવ્યું, એક અઠવાડિયામાં $16 સસ્તું

2020 પછી ક્રૂડમાં સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

મુંબઈ

ક્રૂડ ઓઈલમાં 2020 પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો નોંધાયો છે. ગયા અઠવાડિયે તેમાં 16%થી વધુનો ઘટાડો થયો હતો. આજે તે સામાન્ય ઘટાડા સાથે 97 ડૉલર પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે. ઑક્ટોબરના એન્ડમાં તેલની કિંમતો 6 મહિનાની ટોચે પહોંચી ગઈ હતી, જ્યાંથી હવે તેમાં રાહત જોવા મળી રહી છે.

બજાર વિશ્લેષકો અનુસાર, અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીની હાર બાદ એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મિડલ ઈસ્ટમાં સૈન્ય સંઘર્ષ વધુ નહીં વધે. રાજદ્વારી ઉકેલની વધતી આશાઓએ કિંમતોને નીચે લાવવામાં મદદ કરી છે. જોકે, અનિશ્ચિતતા હજુ પણ યથાવત



છે. ફારસની ખાડી અને મિડલ ઈસ્ટના અન્ય વિસ્તારોમાં છૂટાછવાયા હુમલા હજુ પણ ચાલુ છે. યુકે મેરીટાઈમ ટ્રેડ ઑપરેશન્સના જણાવ્યા મુજબ, હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા એક ઑઈલ ટેન્કર પર હુમલો થયો છે. તેમજ યમનના ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ રિયાધમાં સાઉદી અરામકોની ઓફિસોને નિશાન બનાવી. જવાબમાં ઓપેક સભ્ય સાઉદી અરેબિયાની સેનાએ બે મિસાઈલ લોન્ચર્સનો નાશ કર્યો. આવનારા દિવસોમાં ક્રૂડ ઓઈલ માર્કેટના ત્રણ મહત્વપૂર્ણ આંકડા જાહેર થશે મંગળવાર: એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન (EIA)નો અહેવાલ. બુધવાર: ઓપેક (OPEC)નો માસિક અહેવાલ. શુક્રવાર: ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)નો અહેવાલ. ક્રૂડ સસ્તું કે મોંઘું થવાની ભારત પર અસર ભારત પોતાની કુલ જરૂરિયાતના લગભગ 85% ક્રૂડ ઓઈલની આયાત વિદેશોમાંથી કરે છે, તેથી તેના ભાવ ઘટવા કે વધવાની અસર દેશની અર્થવ્યવસ્થા પર પડે છે.

જ્યારે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ મોંઘું થાય છે, ત્યારે ભારતે તેને ખરીદવા માટે વધુ ડૉલર ચૂકવવા પડે છે. તેનાથી દેશનું 'આયાત બિલ' અને ચાલુ ખાતાની ખાધ વધી જાય છે. ક્રૂડ જો ખૂબ જ મોંઘું થઈ જાય અને લાંબા સમય સુધી મોંઘું જ રહે, તો તેલ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારી દે છે. ડીઝલના ભાવ વધતાં જ માલવહન મોંઘું થઈ જાય છે.

દિગ્ગજ રોબર્ટ કિયોસાકીની વધુ એક સલાહ

ડરો નહીં, સોનું-ચાંદી અને બિટકોઇનની કિંમત તૂટતી હોય તો પણ ખરીદો કરો

'રિચ ડેડ પૂર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ સોના, ચાંદી અને બિટકોઈન અંગે એક વાયરલ પોસ્ટ કરી છે. અમેરિકી શેરબજારમાં ઉથલપાથલ અને સોના-ચાંદીના ભાવ ઘટતા લોકો ગભરાયા

મુંબઈ

'રિચ ડેડ પૂર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ સોના, ચાંદી અને બિટકોઈન અંગે એક વાયરલ પોસ્ટ કરી છે. અમેરિકી શેરબજારમાં ઉથલપાથલ અને સોના-ચાંદીના ભાવ ઘટતા લોકો ગભરાયા, પણ કિયોસાકીએ વધુ ખરીદી કરી. તેમણે વૈશ્વિક દેવું અને 'ફિયાટ મની'ને સમસ્યા ગણાવી, અને લોકોને સોના, ચાંદી, બિટકોઈનને મુસીબતનો સહારો ગણાવી તેમાં રોકાણની સલાહ આપી.

અમેરિકી શેરબજારમાં મચેલી ઉથલપાથલ અને છેલ્લા કેટલાક દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં આવેલા કડાકાને લઈને ફેમસ પુસ્તક 'રિચ ડેડ પૂર ડેડ' (Rich Dad Poor Dad) ના લેખક રોબર્ટ



કિયોસાકીએ એક નવી પોસ્ટ કરી છે, જે સોશિયલ મીડિયા પર વાયુ વેગે વાઈરલ થઈ રહી છે. તેમાં તેમણે કહ્યું છે કે, મારા માટે ચિંતા કરવાની કોઈ વાત નથી, કારણ કે મેં કડાકા દરમિયાન વધુ સોનું, ચાંદી અને બિટકોઈન ખરીદી લીધા હતા. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, કિયોસાકી બજારના કડાકામાં ગોલ્ડ-સિલ્વર અને બિટકોઈનને ખરીદી માટે શ્રેષ્ઠ એસેટ ગણાવી રહ્યા છે. સૌથી પહેલાં એ જાણીએ કે બજારથી લઈને સોના-ચાંદીના ભાવમાં આખરે ચાલી શું રહ્યું છે. અમેરિકી શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી મિડટર્મ ચૂંટણી હારી જતાં ગત બુધવારે US Stock Market માં તેજી જોવા મળી હતી, જ્યારે આ તેજીની ગુરુવારે હવા ઊડી ગઈ અને AI રેગ્યુલેશનના કારણે અમેરિકી બજાર ક્રેશ થઈ ગયું હતું, જેનાથી રોકાણકારોના 270 લાખ કરોડ રૂપિયા એક જ ઝટકે સાફ થઈ ગયા હતા.

બીજી બાજુ સોના-ચાંદીના ભાવમાં લાંબા સમયથી ઘટાડાનો એવો સિલસિલો જોવા મળી રહ્યો હતો જે અટકવાનું નામ લેતો ન હતો. જોકે, ભારતમાં તહેવારોની ખરીદી વચ્ચે છેલ્લા બે દિવસમાં સોના-ચાંદીના ભાવમાં તેજી ચોક્કસ જોવા મળી છે. સ્પૉટ ગોલ્ડના લેટેસ્ટ રેટ જોઈએ તો તે ઘટાડા સાથે 4056 ડોલર પ્રતિ ઔંસના લેવલ પર ટ્રેડ થઈ રહ્યો છે.

વિદેશી રોકાણકારોની વાપસી થતાં જ

ડૉલર સામે રૂપિયાની મોટી છલાંગ, મજબૂતીમાં સાત મહિનાની ટોચે

મુંબઈ

વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવેલી સતત વેચવાલી અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવોને કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી ભારતીય રૂપિયો ભારે દબાણ હેઠળ રહ્યો હતો. દિવાળીના પાવન તહેવાર બાદ આજે ભારતીય ચલણમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. કાચા તેલના ઘટતા ભાવો અને ભારતીય શેરબજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs)ની ધમાકેદાર વાપસીના પગલે રૂપિયો શરૂઆતના કારોબારમાં જ યુએસ ડૉલર સામે 7 મહિનાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે. શરૂઆતના ટ્રેડિંગ સેશનમાં રૂપિયો 28 પૈસાના વધારા સાથે અમેરિકન



ડૉલર સામે 93.70ના સ્તરે પહોંચ્યો હતો, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં 93.98ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સપ્તાહે પણ રૂપિયામાં ડૉલર સામે 1%થી વધુનો મજબૂત ઉછાળો નોંધાયો હતો. વિદેશી રોકાણકારોની જોરદાર ખરીદી: 4 અબજ ડૉલરથી વધુનું રોકાણ એક અહેવાલ મુજબ, આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના ભાવ, FII ઇનફ્લો, ડૉલર ઇન્ડેક્સ અને વૈશ્વિક બજારના સંકેતો પરથી રૂપિયાની દિશા નક્કી થશે: ગત સપ્તાહે વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાં $4 અબજથી વધુ મૂલ્યના શેર ખરીદ્યા હતા. સ્ટોક એક્સચેન્જના સત્તાવાર આંકડા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારના એક જ સત્રમાં નેટ 13,749.82 કરોડના શેરની જંગી ખરીદી કરી હતી. દક્ષિણ કોરિયા અને તાઇવાનના શેરબજારોમાં ઘટાડો નોંધાતાં વૈશ્વિક રોકાણકારોએ ત્યાંથી ભંડોળ ઉપાડીને ભારતીય ઇક્વિટી બજારોમાં વાળ્યું છે.

ક્રેડિટ કાર્ડથી નો-કોસ્ટ EMI સંપૂર્ણપણે ફ્રી નથી

- પ્રોસેસિંગ ફી, 18% GSTથી ખિસ્સા પર વધારાનો બોજ પડશે; ખરીદી પહેલાં 5 ફેક્ટ તપાસો

મુંબઈ

દેશભરમાં દિવાળીના અવસર પર લોકો કપડાં, ઇલેક્ટ્રોનિક્સ, ફટાકડા અને ગિફ્ટ્સની ખરીદી માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ અને સ્ટોર્સ પર મોટા પાયે ડિજિટલ પેમેન્ટ કરી રહ્યા છે. એકસાથે મોટી રકમનું પેમેન્ટ કરવાથી બચવા માટે ઘણા લોકો ક્રેડિટ કાર્ડથી નો-કોસ્ટ EMIનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. જો તમે પણ ક્રેડિટ કાર્ડથી શોપિંગ કરવા માટે નો-કોસ્ટ EMIનો વિકલ્પ જોઈ રહ્યા હોવ તો થોભો, કારણ કે અહીં નો-કોસ્ટનો અર્થ સંપૂર્ણપણે ફ્રી નથી. તેમાં લાગતી પ્રોસેસિંગ ફી, 18% GST અને તરત મળતા ડિસ્કાઉન્ટનો લાભ ન મળવાથી તમારી ખરીદી ઘણી મોંઘી પડી શકે છે. ઘણી બેંકો અને ક્રેડિટ કાર્ડ કંપનીઓ નો-કોસ્ટ ઈએમઆઈનો વિકલ્પ પસંદ કરવા પર અલગથી પ્રોસેસિંગ ફી વસૂલે છે. આ ફી 99થી લઈને 500 અથવા તેનાથી વધુ હોઈ શકે છે. ભલે તમારે વ્યાજ ચૂકવવું ન પડતું હોય, પરંતુ આ એકમુશ્ત ફી તમારી ખરીદીને મોંઘી બનાવી દે છે. નો-કોસ્ટ ઈએમઆઈમાં વેપારી અથવા બેંક ઘણીવાર વ્યાજની રકમને પ્રોડક્ટની કિંમતમાંથી ડિસ્કાઉન્ટ તરીકે ઘટાડી દે છે, પરંતુ ટેકનીકલી રીતે બેંક તે ટ્રાન્ઝેક્શન પર વ્યાજ વસૂલે છે. નિયમ મુજબ, ઈએમઆઈના વ્યાજ અને પ્રોસેસિંગ ફી પર 18%ના દરે GST લાગે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સરખેજ-ઈસ્કોન ઓવરબ્રિજ ખુલ્લો મૂક્યો!!

₹450 કરોડના ખર્ચે 4.5 કિમી લાંબો બ્રિજ તૈયાર, 9 હજાર આવાસનો ડ્રો પણ કરશે



■ **અમદાવાદમાં ₹1,024 કરોડનાં 30 વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત; જોધપુરમાં નોલેજ હબ અને ગોતામાં અર્બન હેલ્થ સેન્ટરનું પણ ઉદ્ઘાટન**

અમદાવાદ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદને દિવાળી પહેલાં વિકાસકાર્યોની ભેટ આપતાં સરખેજ-ઈસ્કોન એલિવેટેડ ઓવરબ્રિજનું ઉદ્ઘાટન કર્યું છે. 450 કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલો આશરે 4.5 કિલોમીટર લાંબો આ ઓવરબ્રિજ એસ.જી. હાઈવે પર ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં મદદરૂપ બનશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના પશ્ચિમ વિસ્તારમાં સતત વધી રહેલા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફથી અમદાવાદ અને ગાંધીનગર તરફ આવતા વાહનચાલકોને આ માર્ગનો લાભ મળશે. બ્રિજ શરૂ થતાં વાહનચાલકોને અનેક ટ્રાફિક સિગ્નલ પર રોકાવાની જરૂરિયાત ઘટશે અને મુસાફરીનો સમય બચવાની અપેક્ષા છે. સરખેજથી ઈસ્કોન સુધીના માર્ગ પર YMCA, પ્રહલાદનગર અને કર્ણાવતી ક્લબ જંક્શન જેવા સ્થળોએ વાહનોની ભારે અવરજવર રહે છે. પીક અવર્સ દરમિયાન આ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે. નવા એલિવેટેડ ઓવરબ્રિજના કારણે આ જંક્શનો પર વાહનોનું ભારણ ઘટશે. આ બ્રિજ પરથી દરરોજ બે લાખથી વધુ લોકો સરળતાથી અવરજવર કરી શકશે તેવો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. બ્રિજના કારણે એસ.જી. હાઈવે પર ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થવાની સાથે સ્થાનિક વાહનચાલકોને પણ રાહત મળવાની આશા છે. ઓવરબ્રિજના ઉદ્ઘાટન બાદ અમિત શાહે જોધપુર વિસ્તારમાં નવનિર્મિત નોલેજ હબનું લોકાર્પણ કર્યું હતું. આ સુવિધા શૈક્ષણિક અને જ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ માટે ઉપયોગી બની રહે તેવો હેતુ છે. ત્યારબાદ તેઓ ગોતા ખાતે નવનિર્મિત અર્બન હેલ્થ સેન્ટર પહોંચ્યા હતા. અહીં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અમિત શાહે વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે ભાજપના કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ તેમનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ અમિત શાહ વાડજ વિસ્તારમાં આવેલા રામાપીરના ટેકરા ખાતે આવાસ યોજનાનાં મકાનોની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે મકાનોનું નિરીક્ષણ કર્યું હતું અને વૃક્ષારોપણ પણ કર્યું હતું. શહેરી વિસ્તારમાં આવાસ યોજનાના લાભાર્થીઓને મળનારી સુવિધાઓ અંગે પણ કાર્યક્રમ દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. રામાપીરના ટેકરાની મુલાકાત બાદ અમિત શાહ રાણીપમાં ડી-માર્ટ સામેના પ્લોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અહીં આવાસ યોજનાનાં આશરે 9 હજાર મકાનોનો ડ્રો કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ અમિત શાહ જાહેરસભાને સંબોધશે. 9 નવેમ્બરના કાર્યક્રમ અંતર્ગત અમિત શાહ તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં અમદાવાદના વિવિધ વિસ્તારોમાં કુલ 1,024 કરોડનાં 30 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં માર્ગ, શહેરી સુવિધાઓ, આરોગ્ય અને અન્ય જાહેર ઉપયોગનાં કામોનો સમાવેશ હોવાનું જણાવાયું છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, મંત્રી ઋષિકેશ પટેલ, શહેર પ્રમુખ પ્રેરક શાહ સહિતના આગેવાનો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સંક્ષીપ્ત સમાચાર

ઇસનપુરમાં ટ્રક વેચવાના બહાને લાખોની છેતરપિંડી: દલાલ પિતા-પુત્ર અને ખરીદદારે આચરેલા વિશ્વાસઘાતનો પર્દાફાશ

અમદાવાદ શહેરમાં ગુનાખોરી અને છેતરપિંડીના કિસ્સાઓ દિનપ્રતિદિન વધતા જઈ રહ્યા છે, જેમાં હવે સાદા ભોળા અને મહેનતકશ લોકોને ફસાવવાની નવી-નવી મોડસ ઓપરેન્ડી સામે આવી રહી છે. આવો જ એક ચોંકાવનારો અને આંખ ઉઘાડી દેતો મામલો શહેરના ઇસનપુર વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં આઇસર ટ્રક વેચવાના સોદામાં દલાલ પિતા-પુત્ર અને એક ખરીદદારે ભેગા મળીને ટ્રક માલિક સાથે રૂ. 9.02 લાખની ઠગાઈ આચરી હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ઇસનપુરના વિશાલનગરમાં આવેલી સતાધાર સોસાયટીમાં રહેતા અને ડ્રાઇવિંગ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ૩૪ વર્ષીય દીપકભાઈ ખોડીદાસ ચાવડાએ ફાઇનાન્સ લોન પર એક આઇસર પ્રો મોડલની ટ્રક ખરીદી હતી. જો કે, સમય જતા અગમ્ય કારણોસર ધંધો બરાબર ન ચાલતા અને આર્થિક ભીડભાડ વધતા તેમણે આ ટ્રકને વેચી દેવાનો નિર્ણય કર્યો હતો અને આ વાત પોતાના મિત્રવર્તુળમાં કરી હતી. આ વાત જ્યારે ઇસનપુરમાં રહેતા હિતેશ મોહનભાઈ મારવાડી સુધી પહોંચી ત્યારે તે દીપકભાઈના સંપર્કમાં આવ્યો હતો.

નિકોલ વિસ્તારમાં બેફામ સ્પીડનો કહેર: ફોર્ચ્યુનર કારે ફૂટપાથ પર સૂતેલા લોકોને કચડી નાખ્યા

અમદાવાદ શહેરમાં બેફામ અને બેજવાબદાર વાહનચાલકોનો આતંક દિવસે-દિવસે વધી રહ્યો છે, અને તેનો ભોગ નિર્દોષ અને ગરીબ લોકો બની રહ્યા છે. તાજેતરમાં જ નિકોલ વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક અને કાળઝાળ દુર્ઘટના સામે આવી છે, જ્યાં બેફામ ગતિએ દોડતી એક લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર સીધી ફૂટપાથ પર ચડી ગઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં ફૂટપાથ પર ગાઢ નિંદ્રામાં પોઢેલા નિર્દોષ લોકોને કારે કચડી નાખતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને રોષનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની વિગતો મુજબ, શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી દેવસ્ય સ્કૂલ પાસે, નરોડા શેલબી હોસ્પિટલથી ડી-માર્ટ તરફ જવાના મુખ્ય માર્ગ પર સોમવારે રાત્રે આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે અને અસાવચેતીથી દોડી રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે વાહન પરનો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી દીધો હતો, જેના કારણે કાર બેકાબૂ બનીને રોડની બાજુમાં આવેલી ફૂટપાથ પર ચડી ગઈ હતી. ફૂટપાથ પર રાત્રિના સમયે આરામ કરી રહેલા અસહાય અને નિદ્રાધીન લોકો આ કાળમુખી કારની ચપેટમાં આવી ગયા હતા.

પ્લાઝ્મા ટ્રીટમેન્ટથી કેથેટર પર બેક્ટેરિયા ચોંટવામાં 99.4 ટકાનો ઘટાડો, ઇન્ફેક્શનથી રાહત મળશે

હોસ્પિટલમાં દાખલ દર્દીઓને અનેક વખત યુરિન પસાર કરવા માટે કેથેટર લગાવવામાં આવે છે. જોકે આ જ નળી દર્દીઓમાં ચેપનું કારણ પણ બની શકે છે. કેથેટરની સપાટી પર બેક્ટેરિયા ચોંટીને ધીમે ધીમે તેની સંખ્યા વધારવા લાગે છે. આ બેક્ટેરિયા એક રક્ષણાત્મક સ્તર બનાવે છે, જેને બાયોફિલ્મ કહેવામાં આવે છે, જેના કારણે યુરિનના માર્ગમાં ચેપ લાગી શકે છે અને કેટલાક કિસ્સામાં સારવાર પણ મુશ્કેલ બની શકે છે. આ સમસ્યાનો ઉકેલ શોધવા માટે ગાંધીનગર સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)માં પ્લાઝ્મા ટેક્નોલોજીની મદદથી કેથેટરની સપાટી બદલવા સંશોધન કરાઈ રહ્યું છે. હોસ્પિટલમાં લાંબા સમય સુધી કેથેટર લગાવી રાખવામાં આવે ત્યારે તેમાં બેક્ટેરિયા ચોંટવાની અને બાયોફિલ્મ બનવાની શક્યતા રહે છે. એકવાર બાયોફિલ્મ બની જાય પછી બેક્ટેરિયા તેની અંદર સુરક્ષિત રહી શકે છે. તેના કારણે સામાન્ય એન્ટિબાયોટિક દવાઓથી ચેપની સારવાર કરવી મુશ્કેલ બની શકે છે.

મોઢેરા સૂર્યમંદિરની જેમ હવે શહેરની ત્રણ વાવ ખાતે પહેલી વાર સાંસ્કૃતિક કાર્યક્રમો

શહેરમાં પ્રથમ વખત 25 નવેમ્બરે જેઠાભાઈની વાવ, અમૃતવર્ષિણી વાવ અને દાદા હરિની વાવ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, જેમાં શહેરનાં જૂના પાણીના સ્ત્રોતની મહિમા કરવામાં આવશે. મ્યુનિ. હેરિટેજ વિભાગ દ્વારા યોજાનારા કાર્યક્રમમાં શહેરની હેરિટેજ વાવને વિશેષ મહત્ત્વ આપી ત્યાં પણ અડાલજની વાવ કે મોઢેરા સૂર્ય મંદિર ખાતે યોજાતા કાર્યક્રમો જેવું આયોજન કરાયું છે. આ કાર્યક્રમોમાં વાવનું ઐતિહાસિક મહત્ત્વ નાગરિકો સમક્ષ રજૂ કરાશે. શાસ્ત્રીય સંગીતથી લઈ કાવ્ય પઠન સુધીના તમામ કાર્યક્રમો આ વાવ પાસે યોજવાનું આયોજન છે. ભદ્રના કિલ્લા ખાતે 19મીથી હેરિટેજ ફેસ્ટિવલથી શરૂઆત થશે. જ્યાં જીવંત વારસો આધુનિક દૃશ્યકલાના માધ્યમથી દર્શાવાશે. પ્રેમાભાઈ હોલ ખાતે સ્ટોરી ટેલિંગ અને ટ્રેડિશન આધારિત રંગ સ્મૃતિ પ્રદર્શન યોજવામાં આવશે. સૌમ્ય જોશી, ઉસ્તાદ ફઝલ કુરેશી જેવા કલાકારો આવશે જેઠાભાઈની વાવ: સવારે 6.30 કલાકે પંડિત જયતીર્થ મેવુન્ડી દ્વારા શાસ્ત્રીય ગાયન રજૂ કરવામાં આવશે. અમૃતવર્ષિણી વાવ: સવારે 11 વાગ્યે વાવ વાર્તાનો કાર્યક્રમ યોજાશે, જેમાં કવિ સૌમ્ય જોશી, અનિલ ચાવડા દ્વારા કાવ્યપઠન કરાશે. સાથે પ્રાચી શાઠી દ્વારા ભરતનાટ્યમ રજૂ કરાશે. દાદા હરિની વાવ: સાંજે 7 વાગે વાવ તરંગ સંગીત સંધ્યા યોજાશે.

અમદાવાદમાં દિવાળીના તહેવાર ટાણે જ ખુલ્લી હિંસા

ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે ઘીંગાણું!

20-25 શખ્સોનો આંતક, સ્વબચાવમાં લાયસન્સવાળી પિસ્તોલથી ફાયરિંગ!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં તહેવારોની ખુશીઓ કેવી રીતે લોહિયાળ હિંસામાં પલટાઈ જાય છે તેનું વધુ એક અત્યંત ચોંકાવનારું અને હચમચાવી નાખનારું ઉદાહરણ સામે આવ્યું છે. શહેરના અત્યંત પોશ અને ગણાતા એવા સાયન્સ સિટી રોડ પર આવેલા 'એમ્પાયર સ્કાયવ્યુ' એપાર્ટમેન્ટની બહાર દિવાળીની રાત્રે માથાભારે શખ્સોએ રીતસરનો આંતક મચાવ્યો હતો. ફટાકડા ફોડવા જેવી સામાન્ય અને તુચ્છ બાબતને લઈને ૨૦ થી ૨૫ લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ સોસાયટીના સભ્યો પર જીવલેણ હુમલો કરી દીધો હતો. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે જીવ બચાવવા માટે સ્વબચાવમાં હવામાં ફાયરિંગ કરવું પડ્યું હતું. આ મામલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ૨૫ શખ્સો સામે સત્તાવાર ફોજદારી ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દિવાળીની રાત્રે સાયન્સ સિટી રોડ પર આવેલી એમ્પાયર સ્કાયવ્યુ એપાર્ટમેન્ટની બહાર ફટાકડા ફોડવા બાબતે કેટલાક સ્થાનિક યુવકો અને બહારના



શખ્સો વચ્ચે બોલાચાલી થઈ હતી. સામાન્ય બોલાચાલીએ થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. થોડી જ મિનિટોમાં ૨૦ થી ૨૫ જેટલા માથાભારે અને તોફાની શખ્સોનું ટોળું લાકડીઓ અને ઘાતક હથિયારો સાથે એપાર્ટમેન્ટ બહાર ધસી આવ્યું હતું અને આડેધડ તોડફોડ તથા હુમલો શરૂ કરી દીધો હતો. આ અચાનક થયેલા હુમલાના કારણે ત્યાં હાજર રહીશોમાં ભારે નાસભાગ અને ફફડાટ મચી ગયો હતો. ટોળાના બેફામ માર અને હુમલાના કારણે એપાર્ટમેન્ટના સભ્યો સહિત કુલ ૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

1 જાન્યુ.થી અમલ: કન્સોલિડેટેડ બિલ 11 ડિજિટનું થશે

અમદાવાદ

દેશમાં જીએસટી હેઠળ ઈ-વે બિલ જનરેટ થવાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો હોવાથી હવે ઈ-વે બિલના નંબરિંગ ફોર્મેટમાં ફેરફાર કરાશે. GSTN (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક) દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ, 1 જાન્યુઆરી, 2027થી ઈ-વે બિલ નંબર હાલના 12 ડિજિટને બદલે 14 ડિજિટનો થશે. જ્યારે કન્સોલિડેટેડ ઈ-વે બિલ નંબર પણ 10 ડિજિટને બદલે 11 ડિજિટનો કરાશે. જીએસટીએનના જણાવ્યા અનુસાર, દેશમાં મોટા પ્રમાણમાં ઈ-વે બિલ જનરેટ થતાં હાલની નંબરિંગ સિસ્ટમની ક્ષમતા ભવિષ્યમાં પૂર્ણ થવાની શક્યતા છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને નંબરિંગ ફોર્મેટમાં ફેરફારનો નિર્ણય લેવાયો છે. નવા નંબરિંગ ફોર્મેટનું પરીક્ષણ કરવા માટે ટૂંક સમયમાં સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટમાં સુવિધા ઉપલબ્ધ કરાવાશે. સંબંધિત ટેક્નિકલ વિગતો ઈ-વે બિલ પોર્ટલ પર જાહેર કરાશે. વેપારીઓ-સોફ્ટવેર કંપનીઓએ 1 જાન્યુઆરી પહેલાં સિસ્ટમ અપડેટ કરી લેવી પડશે. નવા ફેરફારથી કામગીરીમાં કોઈ અવરોધ ઊભો ન થાય તે માટે GSTNએ અગાઉથી તૈયારી કરવા ભાર મૂક્યો છે.

નશામાં ચૂર થઈને કાર ડિવાઈડર પર ચઢાવી દીધી

અમદાવાદમાં ડ્રાઇવ-ઇન સિનેમા પાસે દારૂડિયા કાર ચાલકનો આતંક

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે પણ બેફામ બનેલા નશાખોરો રસ્તા પર કઈ રીતે નિર્દોષ નાગરિકોના જીવ સાથે ચેડા કરતા હોય છે, તેનું વધુ એક ખતરનાક ઉદાહરણ અમદાવાદમાંથી સામે આવ્યું છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા ડ્રાઇવ-ઇન સિનેમા રોડ પર મોડી રાત્રે દારૂના નશામાં ચૂર થઈને ગાડી ચલાવતા એક કાર ચાલકે ભયાનક અકસ્માત સર્જ્યો હતો. નશાની હેવાનિયતમાં કાર ચાલકે બેકાબૂ બનેલી ગાડીને સીધી ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ ટળી ગઈ હતી, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર રસ્તા પરના ટ્રાફિક અને સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડ્રાઇવ-ઇન સિનેમા રોડ પરથી પૂરઝડપે પસાર થઈ રહેલી એક કાર અચાનક બેકાબૂ બની હતી. કાર ચાલક એટલી હદે નશામાં ધૂત હતો કે તેને ગાડી પરનું





નિયંત્રણ ગુમાવી દીધું હતું અને કારને સીધી રોડની વચ્ચે આવેલા ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. અકસ્માતનો આ ભયાનક ધડાકો સાંભળીને આસપાસના લોકો અને રાહદારીઓમાં ભારે નાસભાગ અને ફફડાટ મચી ગયો હતો. જો કે, રાહતની વાત એ રહી કે આ અકસ્માતમાં કોઈ રાહદારી કે અન્ય વાહનચાલક અડફેટે ન આવતા મોટી જાનહાનિ થતા અટકી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

ગાડીની અંદર બેઠેલા શખ્સોની હાલત જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કાર ચલાવનાર મુખ્ય આરોપી અભિનવ બલુની અને તેની સાથે ગાડીમાં બેઠેલો તેનો સાથીદાર શાકુંતલ શર્મા બંને અત્યંત નશાની હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક ધોરણે બંને આરોપીઓની અટકાયત કરી લીધી હતી અને તેમની મેડિકલ તપાસ કરાવતા તેઓ દારૂના નશામાં હોવાનું સત્તાવાર રીતે સાબિત થઈ ગયું હતું.

અમદાવાદના થલતેજમાં મેગ્નેટ પાર્ક બિલ્ડિંગમાં આગનું તાંડવ

શ્વાસ રૂંધાતા કર્મચારીઓએ બારીમાંથી કૂદકા માર્યા, ફાયર વિભાગે ડેરિંગ બતાવી જીવ બચાવ્યા!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કોમર્શિયલ બિલ્ડિંગો અને હાઈ-રાઇઝ ટાવરોમાં આગની દુર્ઘટનાઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. તાજેતરમાં જ શહેરના પોશ અને વ્યસ્ત ગણાતા થલતેજ વિસ્તારમાં આવેલા મેગ્નેટ પાર્ક બિલ્ડિંગમાં એક અત્યંત ભયાનક અગ્નિકાંડ સર્જાયો હતો. બિલ્ડિંગમાં અચાનક વિકરાળ આગ ફાટી નીકળતાં આખો વિસ્તાર ધુમાડાના ગોટેગોટાથી છવાઈ ગયો હતો અને ભારે નાસભાગ તથા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની વિગતો મુજબ, સોશિયલ મીડિયા કે ઓફિસ અવર્સ દરમિયાન અચાનક પ્રચંડ આગ ભભૂકી ઉઠતાં બિલ્ડિંગની અંદર કામ કરી રહેલા કર્મચારીઓ જીવ બચાવવા માટે દોડધામ કરવા લાગ્યા હતા. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે થોડી જ મિનિટોમાં આખો પ્લોટ કાળા અને ઝેરી ધુમાડાથી ભરાઈ ગયો, જેના કારણે અંદર કામ કરતા



કર્મચારીઓનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે બહાર નીકળવાના મુખ્ય રસ્તાઓ પર આગ અને ધુમાડો ફરી વળતા રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. જીવનું જોખમ જોઈને ગભરાયેલા કેટલાક કર્મચારીઓએ જીવ બચાવવા માટે ઉપરની માળની બારીઓમાંથી નીચે કૂદકો મારવા જેવું અત્યંત જોખમી પગલું ભર્યું હતું. તો કેટલાક લોકો જીવ બચાવવા માટે જીવના જોખમે બિલ્ડિંગના છજા અને રેલિંગ પર લટકીને મદદની રાહ જોઈ રહ્યા હતા. આ દ્રશ્યો એટલા હૃદયદ્રાવક હતા કે ત્યાં એકત્રિત થયેલા લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. સદનસીબે, આ ગંભીર કટોકટીના સમયે ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સમયસૂચકતા વાપરીને હાઈ-ડ્રોલિક લેડર (સીડી) અને રેસ્ક્યુ બોટની મદદથી જીવના જોખમે કામગીરી શરૂ કરી હતી.

અમદાવાદના બાપુનગરના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા

હિમ્મતસિંહ પટેલના નિવાસસ્થાને દીવાળી પર્વ પર જામ્યો સ્નેહમિલનનો માહોલ

અમદાવાદ

અમદાવાદ શહેરના રાજકારણમાંથી એક મહત્વપૂર્ણ અને ઉત્સાહભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. બાપુનગર વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને શહેર કોંગ્રેસના પ્રભાવશાળી અગ્રણી નેતા હિમ્મતસિંહ પટેલ દ્વારા દીવાળીના પવિત્ર પર્વ અને નૂતન વર્ષ નિમિત્તે તેમના રખિયાલ સ્થિત સુપ્રસિદ્ધ નિવાસસ્થાન 'સૂરજ ભવન' ખાતે એક ભવ્ય સ્નેહમિલન અને શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દીવાળીના તહેવાર ટાંકણે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો. દર વર્ષની પોતાની પરંપરાગત શૈલી મુજબ આ વર્ષે પણ હિમ્મતસિંહ પટેલના નિવાસસ્થાને શુભેચ્છકો, સ્નેહીજનો અને પક્ષના કાર્યકરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. 'સૂરજ ભવન' ખાતે પહોંચેલા



સૌપ્રથમ આગેવાનો અને કાર્યકરોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિમ્મતસિંહ પટેલે ઉપસ્થિત સૌ નાગરિકો, કાર્યકરો અને આગેવાનોને આગામી નવા વર્ષની હાર્દિક નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા અને પરંપરા મુજબ સૌનું મોં મીઠું કરાવીને આશીર્વાદ તથા શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

આ શુભેચ્છા મુલાકાત દરમિયાન માત્ર કોંગ્રેસ પક્ષના જ નહીં, પરંતુ વિવિધ સમાજના અગ્રણીઓ, સહકારી ક્ષેત્રના હોદ્દેદારો, પક્ષના વિવિધ સંગઠનાત્મક હોદ્દા પર બિરાજતા આગેવાનો તેમજ રખિયાલ અને બાપુનગર વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સૌએ એકબીજાને ભેટીને દીવાળીની શુભકામનાઓ પાઠવી હતી અને આગામી વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી રેલું રહે તેવી પ્રાર્થના કરી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI